Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdo_prakash@yahoo.co.in

RNI રજી. બાદ વર્ષ : ૧૬ • અંક : ૨૭ • તા.૨૯ જૂનથી ૫ જુલાઇ ૨૦૧૩ • વાર્ષિક લવાજમ ₹ ૫૦ • Regn.No. MH/MR/East/53/2012-14

## જ્ઞાતિ ગૌરવ



ભારતના પ્રખ્યાત ગૌરવ કેટરર્સના

**શ્રી મણીકાંતભાઈ મેઘજી મોમાયા**

વરાડીયા-કચ્છ, હાલે હૈદરાબાદ ને "અન્નપૂરક રત્ન" તથા

**શ્રીમતી લતાબેન મણીકાંત મોમાયા** ને "અન્નપૂર્ણા રત્ન"

થી સન્માનિત થવા બદલ હાર્દિક વધાઈ અને શુભેચ્છાઓ...

શુભેચ્છાઓ સાથે..

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, હૈદરાબાદ

શ્રી કચ્છી મિત્ર મંડળ, હૈદરાબાદ

શ્રી અચલગચ્છ જૈન સંઘ, હૈદરાબાદ (સીટી)


શ્રી સત્યમ શિવમ સુંદરમ ગૌશાળા, હૈદરાબાદ

હૈદરાબાદ-સિકંદરાબાદ કેટરર્સ એશોસીએશન

તથા

દેવજી આણંદજી મૈશેરી પરિવાર (બેંગ્લોર)

# હાર્દિક વધાઈ અને અભિનંદન



## શ્રી મણીકાંતભાઈ મેઘજી મોમાયા

ગામ : વરાડીયા (કચ્છ)

સંસ્થાપક : **ગૌરવ કેટરર્સ**

મેનેજીંગ ટ્રસ્ટી : શ્રી અચ્છલગચ્છ જૈન સંઘ, હૈદરાબાદ (સિટી)

પ્રમુખ : શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, હૈદરાબાદ

ટ્રસ્ટી : શ્રી સત્યમ શિવમ સુંદરમ ગૌશાળા, હૈદરાબાદ

પ્રમુખ : હૈદરાબાદ-સિકંદરાબાદ કેટરર્સ એસોસીએશન

કચ્છી સમાજની મુખ્ય સંસ્થા **શ્રી કચ્છી મિત્ર મંડળ**, હૈદરાબાદ ના

**પ્રમુખ** પદે ચૂંટાઈ આવવા બદલ હાર્દિક વધાઈ અને શુભકામના...

**લી. દેવજી આણંદજી મૈશેરી પરિવાર** (બેંગ્લોર)

## આદ્યતંત્રીઓ

''પ્રકાશ''
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ

: તંત્રી :
રાયચંદ આર. નાગડા
: સહતંત્રી :
ચંપક જીવાણી-09820808077

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશમીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
ચંપક રાયચંદ જીવાણી
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 27/2013**

: કાર્યાલય :
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri. R. R. Nagda,**
29/41, Tamarind Lane,
Behind Poornima Restaurant,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર મંગળવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdo_prakash@yahoo.co.in



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.


## 'વન-ઉપવન'ની વિચારસભામાં વિચાર અર્થે રજૂ થયેલ મુખ્ય સુચનો - સં.શ્રી પ્રવીણ ખોના

**નોંધ :** કેટલાક વર્ષો પહેલા વ્યક્તિગત અને સામુહિક વ્યક્તિત્વ વિકાસમાં માનતા વિચારશીલ જ્ઞાતિજનો 'વન-ઉપવન'ના કાર્યક્રમો નિમિત્તે અનૌપચારિક રીતે મળી અર્થપૂર્ણ વાતો કરતા. આવીજ એક સભામાં થયેલી વાતચીતના મુદ્દા શ્રી પ્રવિણ ખોનાએ સંકલિત કરી મોકલેલા, જે પ્રકાશ સમિક્ષાના દસ વર્ષ પહેલાના અંકમાં છપાયેલા. આ દસ વર્ષોમાં સમાજે ઘણા ફેર-ફારો અનુભવ્યા છે. તે છતાં કેટલીક અપનાવવા યોગ્ય બાબતો હજુ અપનાવવામાં આવી નથી એ વાતના ધ્યાનમાં રાખીને જ્ઞાતિજનોનાં વિચારાર્થે તે લેખ ફરી પ્રગટ કરીએ છીએ. **- તંત્રી**

(૧) મૃત્યુ બાદ ચક્ષુદાન, દેહદાન, અવયવદાન અપનાવવું.
(૨) વ્યક્તિગત પ્રાર્થનાઓને બદલે અઠવાડીયે, મહિને કે રવિવારે સમૂહ પ્રાર્થના યોજવી.
(૩) અંત્ય સંસ્કારમાં થતા ખોટા ખર્ચાઓ ટાળી, બચેલ રકમ જીવદયા કે સાધર્મિક સહાયતા માટે વાપરવી.
(૪) પ્રાર્થનાસભા સાદગીપૂર્ણ તથા બીનખર્ચાળ રાખવી તેમાં ગાયકોને બદલે ટેપ વગાડવી.
(૫) ૭૦ વર્ષ ઉપરના મરણો માટે પ્રાર્થનાસભા ન રાખતાં માત્ર નવકાર સ્મરણ કરી લેવા જણાવવું.
(૬) લૌકિક વ્યવહાર બંધ રાખવો. માત્ર ફોન, ટપાલથી શોક સંદેશો પાઠવવો.
(૭) પ્રાર્થનામાં ન આવનારાઓની અગવડો ખ્યાલમાં રાખીને એમની ગેરહાજરી અંગે ખોટો ખ્યાલ ન બાંધવો.
(૮) સૂતક-સુગ બને ત્યાં સુધી ટાળવી, અથવા તે ઓછામાં ઓછા સમય માટે રાખવી
(૯) શોક સંદેશા માટે છાપેલા પોસ્ટકાર્ડ-ઇનલેન્ડ લેટર્સ વેંચાણાર્થે મૂકવા.
(૧૦) દરેકે વીલ બનાવવું, જેથી, મરણ બાદની ગડમથલો નિવારી શકાય. સલાહ સૂચનો માટે એક લીગલ સેલ તૈયાર કરવી.
(૧૧) લગ્ન-સગપણ પ્રસંગે દેખાદેખી તથા દેખાડા માટે થતા ખોટા ખર્ચાઓ બંધ કરવા, સામાજિક શિસ્ત અને આચારસંહિતા અપનાવવી.
(૧૨) લેતી-દેતી ખાનગી રાખવી જેથી દેખાદેખી ટાળી શકાય.
(૧૩) દરેક સગપણ-લગ્નની સ્થાનિક મહાજનને ચોપડે નોંધ કરાવવી.
(૧૪) દરેક લગ્ન કાયદેસર રજીસ્ટર્ડ કરાવવા.
(૧૫) સામુહિક લગ્ન પ્રથાને પ્રોત્સાહન આપવું
(૧૬) શુભ પ્રસંગો મનાવતા સામાજિક સમાનતાનો ખ્યાલ કરવો.
(૧૭) આપણી સંસ્કૃતિને અનુરૂપ રીતે રીવાજો તથા પ્રથાઓ પાળવી, અન્યોની નકલ ન કરવી.
(૧૮) સગપણ વિધિ આપણી જૂની દૂધ પીવાની પ્રથાને અનુસરીને ખોટા ખર્ચાથી દૂર રહેવું.
(૧૯) લગ્ન પ્રસંગે ફટાકડા, નાચગાન, વ્યસન પાર્ટીઓથી દૂર રહેવું.
(૨૦) દાંડીયા રાસ તથા અન્ય પ્રસંગે થતી ગોરની રકમ ઢોલીને આપવાને બદલે જીવદયા કે સાધર્મિક સહાયમાં વાપરવી.
(૨૧) લગ્ન પ્રસંગોના જમણો સાદા રાખવા.
(૨૨) જ્ઞાતિ બહાર જેમનું મોટું સર્કલ હોય તેમણે જ્ઞાતિ-મહેમાનો માટે તો જ્ઞાતિ પ્રથા અનુસાર જ વ્યવહારો કરવા. અન્ય માટે અલગ પ્રસંગ રાખવો.
(૨૩) લગ્ન ઇચ્છુક જ્ઞાતિના યુવાન-યુવતીઓમાં સંપર્ક વધે તે માટે વધુ યુવા મેળાઓ યોજવા તથા તેમને માટે સામાજિક અને જ્ઞાતિ મિલન પ્રસંગો વધારે પ્રમાણમાં આયોજન કરવાનો પ્રયત્ન કરવો.

(૨૪) જ્ઞાતિની જ શાળા-કોલેજ હોય તો તેઓ વધુ પરિચયમાં આવે.

(૨૫) સંગઠીત રહેઠાણો આ સમસ્યાના ઉકેલમાં વધુ મદદરૂપ થઇ શકે.

(૨૬) વસ્તીપત્રક સમિતિએ બહાર પાડેલ લગ્નઉત્સુક યુવા યુવતીઓની નામાવલી તથા તેની વેબસાઇટનો વધુ ઉપયોગ કરવો.

(૨૭) અબડાસા - કંઠી - હાલાર - મુંબઇ - દેશાવર એવા સીમાડાઓ ટાળવા.

(૨૮) બંને બાજુએ અપેક્ષા નિયંત્રીત કરવી.

(૨૯) સગપણ માટે થોડું જતું કરવા તૈયાર રહેવું.

(૩૦) કુંડલી જોવા કરતાં, મેડીકલ તપાસણીને વધુ મહત્વ આપવું.

(૩૧) સગપણ - પરિચય - મિલનોની સંખ્યા વધારવી તથા પધ્ધતિમાં જરૂરી ફેરફારો કરવા.

(૩૨) જ્ઞાતિપત્રનો સગપણ માટે ઉપયોગ કરવો.

(૩૩) પાંચ પેઢી સુધીના સગોત્રીય લગ્નો ટાળવા.

(૩૪) યોગ્ય તપાસ જાતે કરીને બીજાના મંતવ્યોનો સગપણ સંબંધે આધાર ઓછો રાખવો.

(૩૫) જુના ગજગ્રહો કે પૂર્વગ્રહોથી દૂર રહેવું.

(૩૬) સીનીયર લોકોએ સેવાવૃત્તિ અપનાવી, સગપણો કરવામાં મદદરૂપ થવું.

(૩૭) બને ત્યાં સુધી આંતરજ્ઞાતિય લગ્નો ટાળવા. જેથી જ્ઞાતિમાં યુવક-યુવતીઓની સંખ્યામાં બેલેન્સ જળવાઇ રહે.

(૩૮) જ્ઞાતિના યુવક-યુવતીઓ વચ્ચે જ વધુ લગ્નો થાય તેવું વાતાવરણ ઊભું કરવું.

(૩૯) પરજ્ઞાતિનું પાત્ર લાવતાં પહેલા તેના કૂળ-સંસ્કાર, ખ્યાલમાં રાખવા.


## શ્રી અરિહંત કો.ઓપ.બેંક લી.

Estd : 1984

જી બી ૧૦ એ/બી કર્મસ્તંભ એલ.બી.એસ. માર્ગ, વિક્રોલી (વે), મુંબઇ-૪૦૦૦૮૩. ફોન : 25799320

**નોટીસ**

આથી નોટીસ આપવામાં આવે છે કે બેંકની ૩૦મી વાર્ષિક સામાન્ય સભા શનિવાર **તા.૧૩.૭.૧૩**ના રોજ બપોરે ૩.૩૦ કલાકે શ્રી કાલીદાસ નાટ્ય મંદીર, પી.કે. રોડ, મુલુન્ડ (વે), મુંબઇ-૪૦૦૦૮૦. મધ્યે મળશે. જેમાં એજન્ડા પ્રમાણે કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જે બેંકની શાખાઓમાં મુકેલ છે.

સર્વ સભ્યોને હાજર રહેવા વિનંતી.

**લિ. શ્રી મંજયા સી. શેટ્ટી (સી.ઇ.ઓ.)**


## જ્ઞાતિના દાનવીર કુટુંબ વિષેના લેખમાં જત ઉમેરવાનું કે....

'સ્વદેશ' ના તંત્રી જ્ઞાતિના અગ્રણી સ્વાતંત્ર્યસેનાની શ્રી બી.એન. મહેશ્વરી જ હતા. 'પ્રકાશ-સમીક્ષા'ના ૧૫ થી ૨૧ જૂન ૧૩ના અંક નં૨૫ ના ત્રીજા પાના પર પ્રકાશિત 'શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિનું એક દાનવીર કુટુંબ' ને પસંદ કરવાનું ઔચિત્ય સમજાવતી ચંદ્રસેન મોમાયાની ખાસ નોંધમાં 'સ્વદેશ'ના તંત્રી જ્ઞાતિના અગ્રણી સ્વાતંત્ર્ય સેનાની અને માટુંગા-વડાલાના આયોજીત વિકાસના સ્વપ્નશીલ્પી શ્રી બી.એન. મહેશ્વરી (શ્રી ભવાનજી નથુભાઇ મૈશેરી) હતા એ વાતનો ઉલ્લેખ ન જોતાં આશ્ચર્ય સાથે થોડી ઓછ અનુભવી. શ્રી મહેશ્વરીની સેવાની કદરરૂપે શહેરના મુખ્ય માર્ગપર માટુંગામાં આવતા સર્કલપરના બાગનું નામ બી.એન. મહેશ્વરી ઉદ્યાન છે એ પણ નોંધપાત્ર છે.

વધુમાં આ લેખના લેખક શ્રી લખમશી હીરજી મૈશેરીના પરિચયમાં તેમણે ક.દ.ઓ. પાઠશાળા અને બોર્ડીંગ માટે લિધેલી ખાસ જહેમતનો ઉલ્લેખ આવશ્યક હતો.

ખેતશી ખીંયશીના વારસ શ્રી હંસકુમાર હીરાચંદ હીરજી ખેતશી ખીંયશી (દોલત) વાલકેશ્વર રહે છે એ વાત પણ હવે જુની થઇ છે. તેઓ હાલમાં લાલબાગ ખાતે રહે છે.

આ કુટુંબના વાલકેશ્વરમાં વસતા હોવાના ઉલ્લેખ સાથે યાદ આવ્યું કે ઓગણીસમી સદીના છઠ્ઠા દાયકા સુધી જ્ઞાતિના અતિ શ્રીમંત શેઠિયા પણ મસ્જિદબંદર વિસ્તારમાં જ રહેતા હતા.

એટલું ખરું કે અતિશ્રીમંત હોય એટલે કાંતો માળો તેમણે બંધાવેલ કે ખરીદેલ હોય, જ્ઞાતિના અતિશ્રીમંત સમગ્ર મુંબઇના અતિશ્રીમંતોના માનીતા વાલકેશ્વર વિસ્તારમાં રહેવા ગયા તેનો પણ રસપ્રદ ઇતિહાસ છે. એ બાબત કોઇ સંશોધન કરીને પ્રકાશ સમીક્ષામાં રજૂ થાય એવી અપેક્ષા છે. અલબત્ત એકંદરે લેખ અને તેની ભૂમિકા બન્ને રસપ્રદ રહ્યા.

**નેરૂલ-૨૬.૬.૧૩** **- વીરચંદ કલ્યાણજી ધરમશી**

# ૮મા વસતીપત્રકમાં આપની માહિતીઓ (પ્રુફ) તપાસી લીધી ?

**(સમસ્ત જ્ઞાતિજનોને ૮મા વ.પ.માં છપાનાર વિગતો તપાસી ભૂલચૂક સુધારા સૂચવવા વિનંતી)**

જ્ઞાતિના ૮મા વ.પ. માટે જ્ઞાતિજનોની આવેલ વિગતોનું સંકલન કરી વ.પ. બીટા ટેસ્ટીંગ માટે www.kdovp.com પર ઉપલબ્ધ છે. જેમની email id છે તેઓ મજકુર વેબસાઈટ પર જઇ જણાવેલ વિગતો ભરી વ.પ. ઓફીસેથી પાસવર્ડ મેળવી પોતાના કુટુંબની વિગતો તપાસી શકે છે. કુટુંબનું વટવૃક્ષ પણ જોઇ શકે છે. સુધારા હોય તો વેબસાઈટ પર ચેન્જ ઓપ્શન (Change Request Option) માં કરી શકાશે. જ્ઞાતિજનોને અગાઉ જણાવ્યા પ્રમાણે આ અતિ આધુનિક ટેક્નોલોજીવાળી વેબસાઈટ હોવાથી, જણાવેલ માર્ગદર્શન મુજબ અનુસરશો તો, આપ ફક્ત આપના કુટુંબની વિગતો જોઇ શકશો.

વ.પ. સમિતિને ઉપલબ્ધ થયેલ અને ૮મા વ.પ.માં છપાનાર માહિતીઓ જોવા અને જાણવા હુબલી-બેંગલોર વગેરે ગામોમાં દરેક કુટુંબનું ઈમેલ બનાવડાવી રજીસ્ટર કરાવીને તેમની માહિતી મેળવવા/જાણવા પ્રશંસનીય સહયોગ અપાય છે.

જ્ઞાતિના અન્ય મહાજનો/સંસ્થાઓને પોતાના વિસ્તારના સૌ કુટુંબોના email id બનાવડાવવા માટે મદદ કરીને તેઓ પોતાની માહિતી જોઇ શકે એવી યંત્રણા કરવા વિનંતી છે. ભવિષ્યમાં પણ સુધારા કરવા માટે સૌ પોતપોતાની સુધારેલ માહિતી, જણાવેલ પદ્ધતિથી કરાવી શકશે. જ્ઞાતિજનોની મુખ્ય વસતીવાળા સૌ ગામોના મહાજનશ્રી/એકમને પોતાના વિસ્તારના જ્ઞાતિજનો આ સુવિધાનો લાભ લઇ શકે તે માટે દરેક કુટુંબનું email id હોય, તેવી યંત્રણા ઉભી કરવા માટે યુવા મંચ/મંડળોને કાર્યાન્વિત કરાવી જ્ઞાતિજનોને સહકાર આપે તે ઇચ્છનીય છે.

મુંબઈમાં જ્ઞાતિની 50-55% વસતી છે. જ્ઞાતિજનો મુંબઇ મહાજનશ્રી અથવા પોતાના પરાંના મંડળ/સંઘ/પ્રતિનિધિઓનો સંપર્ક સાધી આવી સુવિધાનો ઉપયોગી કરી શકશે. જેમને માટે આ શક્ય ના હોય તેઓ મુલુન્ડ ખાતે પદ્મભુવન, નહેરૂ રોડ પરની વ.પ. સમિતિની ઓફિસે આવીને પોતાની જાણકારી મેળવી લેવી અને સુધારા કરાવવા માટેની યોગ્ય કાર્યવાહી કરી શકશે. વ.પ.ની ઓફિસ સોમ થી રવિ, સવારના ૧૧ થી ૧ અને બપોરનાં ૩ થી ૭ સુધી આ માટે ખુલી રહેશે તા.૩૧.૭.૨૦૧૩ સુધી આ વ્યવસ્થા વિચારવામાં આવી છે.

email id અને Website વગેરે બાબતો, કદાચ જ્ઞાતિનાં કેટલાક કુટુંબો માટે સગવડતા ભરી નહી હોય પણ "Safety & Security" બાબતે સાવચેતી તરીકે આ પદ્ધતિ ખુબજ જરૂરી બની છે. તે માટે Your inconvenience is highly regretted & everybody is requested to co-operate with the system.

**વધુ વિગત માટે ઓફીસના નં. 9920855259 / 9619343793 પર સંપર્ક સાધવો.**

લી.

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ વસતીપત્રક સમિતિવતી**

**(V.P. Office Email : kdovasti@gmail.com)**

**વિનોદ ધુલ્લા (માનદ્‌મંત્રી)**

**Mob. : 9820122366 • Email : vinoddhulla@gmail.com**

# શ્રી અચલગચ્છ જૈન સંઘ મુલુંડ (પૂર્વ)

નવઘર રોડ, અલ્હાબાદ બેંકની સામે, હનુમાન ચોક, મુલુંડ પૂર્વ મુંબઈ -૪૦૦૦૮૧ ફોન નં : ૦૨૨-૨૧૬૩૫૪૧૨

## મુલુંડ (પૂર્વ) મંડન

શ્રી સુમતિનાથ સ્વામિને નમો નમઃ

શ્રી વિમલનાથ સ્વામિને નમો નમઃ
શ્રી ચક્રેશ્વરી દેવ્યૈ નમઃ

અચલગચ્છાધિષ્ઠાયિકા
શ્રી મહાકાળી દેવ્યૈ નમઃ

શ્રી વાસુપૂજ્ય સ્વામિને નમો નમઃ
શ્રી પદ્માવતી દેવ્યૈ નમઃ

શ્રી આર્ય-જય-કલ્યાણ-ગૌતમ-નીતિ-દાન-નેમ-ગુણ-ગુણોદય-કલાપ્રભસૂરિભ્યો નમઃ

## આધ્યાત્મિક ચાતુર્માસ ઉત્સવ....

**શ્રી મુલુંડ (પૂર્વ)ની ધન્ય અને ધર્મ ધરા પર**
**૧૨માં વર્ષીતપનાં આરાધક તપસ્વીરત્ન સરળ સ્વભાવી**
**પ.પૂ.ગણિવર્ય ભગવંત શ્રી કવીન્દ્રસાગરજી મહારાજ સાહેબનું**
**આત્માનાં અનંત જ્ઞાન ખજાનાને પ્રગટ કરાવનારૂ**
**આધ્યાત્મિક ચાતુર્માસ ઉત્સવ....**



પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.

**પાવન મંગલ પ્રવેશ**
**અષાઢ સુદ-૧૧, ગુરૂવાર**
**તા.૧૮-૭-૨૦૧૩**



પ.પૂ.ગણિવર્ય ભ.શ્રી કવીન્દ્રસાગરજી મ.સા.

**દિવ્યાશિષ**
ભારત દિવાકર અચલગચ્છાધિપતિ
પ.પૂ.આ.ભ.
**શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.**

**આજ્ઞા અને શુભ આશિષ દાતા**
તપસ્વી સમ્રાટ અચલગચ્છાધિપતિ
પ.પૂ.આ.ભ.
**શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**

**શુભ આશિષ**
સાહિત્ય દિવાકર
પ.પૂ.આ.ભ.
**શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.**

સમ્યક્ અને સ્વચ્છ મતિનાં દાતાર શુધ્ધ અને નિર્મળ બુધ્ધિનાં પ્રદાતા એવા મૂળનાયક શ્રી સુમતિનાથ આદિ જિનબિંબોની ભવ્યાતિભવ્ય જાજરમાન કલ્પનાતીત અદ્ભૂત હર્ષ ઉલ્લાસ પૂર્વક પ્રભુની પ્રાણપ્રતિષ્ઠા ગાદીનસીનનાં શુભ પ્રસંગને નિહાળ્યા અને માણ્યા બાદ અમારા સંઘને આંગણે

**જ્ઞાનની ગંગા, ભક્તિની યમુના, અનુષ્ઠાનોની સરસ્વતીનો ત્રિવેણી સંગમ પધારી રહેલ છે.**

પ્રભુજીની પ્રાણપ્રતિષ્ઠા બાદ સૌ પ્રથમ વખત રાષ્ટ્રસંત અચલગચ્છાધિપતિ
**પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબનાં પટ્ટ પ્રભાવક સુશિષ્ય રત્ન સરળ સ્વભાવી**
**પ.પૂ.ગણિવર્ય.ભ.શ્રી કવીન્દ્રસાગરજી મ.સા. અને પ.પૂ.મુનિરાજ શ્રી કલ્પતરૂસાગરજી મ.સા. આદિઠાણા-૨ નું**
ચાતુર્માસ પ્રાપ્ત થતાં અમારા સંઘનાં દરેક શ્રાવક-શ્રાવિકાઓનાં હૈયા આનંદથી ઝુમી ઉઠ્યા છે.
શ્રી સંઘના પરમ અને મહાપુણ્યોદયથી અમારી આગ્રહભરી વિનંતીને માન આપીને
**અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.એ**
**પ.પૂ.ગણિવર્ય.ભ.શ્રી કવીન્દ્રસાગરજી મ.સા. આદિઠાણા-૨ને** ચાતુર્માસ માટે સંમતિ આપતાં
અમે હર્ષની લાગણી અનુભવીએ છીએ.
ધર્મ આરાધના જ્ઞાન-ઉપાસના જિન ભક્તિમય ચાતુર્માસ પ્રવેશ પ્રસંગે સાજન-મહાજન-

## સૌને પધારવા પ્રેમભર્યુ આમંત્રણ...

**લિ. શ્રી અચલગચ્છ જૈન સંઘ મુલુંડ (પૂર્વ) ટ્રસ્ટ મંડળ**

# મરમના મલકમાં : તપ ( ભાગ : ૫ )

**(ગતાંકથી ચાલુ....)** બાર પ્રકારનાં તપના બે ભાગ છે. **છ પ્રકારના બાહ્ય તપના** ૧. અનશન, ૨. ઉણોદરી, ૩. રસ પરિત્યાગ, ૪. દ્રવ્યસંક્ષેપ, ૫. કાયકલેશ, ૬. સંલિનતા,

**છ પ્રકાર અભ્યંતર તપના :** ૧. પશ્ચાતાપ, ૨. વિનય, ૩. વૈયાવચ્છ, ૪. સ્વાધ્યાય ૫. ધ્યાન, ૬. કાયોત્સર્ગ. આ બાર પ્રકારનાં તપના નામમાં ક્યાંય ઉપવાસ શબ્દ નથી. આ બાર પ્રકારનું તપ મળીને ઉપવાસ થાય છે.

**અનશન (આહારસંયમ) :** અનશન શબ્દનો સંધિ છુટી પાડીએ તો અર્થ થાય છે 'અન' અને 'અશન' રાંધેલો ખોરાક ખાવો નહીં. અશન શબ્દનો અર્થ રાંધેલો ખોરાક થાય છે. જૈન પરંપરામાં ઉપવાસના પચ્ચખાણ લેવાય છે ત્યારે નીચે મુજબના ચાર પ્રકારના આહારના ત્યાગના પચ્ચખાણ લેવાય છે.

૧. અસણં : રાંધેલો ખોરાકનો ત્યાગ, ૨. પાણં : પ્રવાહી ખોરાકનો ત્યાગ, ૩. ખાઈમં : સૂકા મેવાનો ત્યાગ ૪. સાઈમં : મુખવાસનો ત્યાગ, આમાં ફળના ત્યાગનો અર્થ અભિપ્રેત નથી.

**ઉણોદરી (આહારસંયમ) :** પેટ ભરીને જમવું નહીં, એને ઉણોદરી કહે છે. વિનોબાજી કહેતા કે અડધું પેટ ભરીને ખાવું, પા પેટ પાણી માટે રહેવા દેવું અને પા પેટ હવા માટે રહેવા દેવું, આ ઉણોદરી છે. મુસ્લીમ પરંપરામાં પાંચ વખત નમાજ પઢાય છે. યોગ્ય રીતે પાંચ વખત નમાજ પઢવી હોય તો ઉણોદરી વિના શક્ય નથી.

**રસત્યાગ (આહારસંયમ) :** તપના દિવસોમાં ખાવું શરીર ટકાવવા માટે છે. સ્વાદની લોલુપતા માટે નથી એનો અર્થ એ નથી કે ભોજન સ્વાદિષ્ટ ન હોવું જોઈએ. રસત્યાગનો અર્થ મારી દષ્ટિએ જો દુધ પીવાનું હોય તો દૂધની બાસુંદી બનાવી દુધ પીવાનું નથી. પચવામાં ભારે હોય એવા આહારથી દૂર રહેવાનું છે.

**દ્રવ્ય સંક્ષેપ (આહારસંયમ) :** તપના દિવસોમાં ખાવાનું હોય તો ભોજનમાં ઘણાંબધાં દ્રવ્યો હોવાં જોઈએ નહીં એટલે કે ઘણી બધી વાનગીઓ ભોજનમાં હોવાં જોઈએ નહીં. તપના દિવસોમાં ખાવું શરીર ટકાવવા માટે છે એટલે ભોજન સાંદુ અને મર્યાદિત વાનગીઓવાળું હોવું જોઈએ.

**કાયકલેશ (શરીરસંયમ):** કાયકલેશ શબ્દનું અર્થઘટન આપણે બરાબર નથી કર્યું. કાયકલેશ શબ્દનો અર્થ શરીરને કેળવવું થાય છે. આપણે કાયકલેશ શબ્દનો અર્થ શરીરને કચડવું કર્યો છે. પરિણામે તપના નામે આપણે શરીરને કષ્ટ આપીએ છીએ.

ઉતરાધ્યાન સુત્રના ૩૦મા અધ્યયનની ૨૭મી ગાથામાં કહે છે. ***સુખકારી વીરાસન આદિ ઉગ્ર આસનો ધારણ કરવાના અભ્યાસને કાયકલેશ તપ કહે છે.***

ઠાણાંગ સુત્રના સાતમા અધ્યાયના ૪૯માં સુત્રમાં કહે છે.... ઠાણાતિએ : કાયોત્સર્ગમાં સ્થિર ઊભા રહેવું, ઉક્કુડુ યાસિએ : ઉત્કુટાસન, વિરાસણીયે : વીરાસન, ફોસંજ્જિજેએ : સુખાસન, દંડયાતિએ : શવાસન, લંગડસાઈ : ધનુરાસન, પડિ મહાઈ : ભિક્ષુ પ્રતિમાની વિભિન્ન મુદ્રાઓમા સ્થિર રહેવું. આ સાત પ્રકારના આસનને કાયકલેશ તપ કહે છે.


જૈન પરંપરામાં વાળનો લોચ કરવાને પણ કાયકલેશ તપમાં સ્થાન આપ્યું છે. કલ્પસૂત્રમાં સામાચારી પ્રકરણની ૨૮૪ની ગાથામાં સાધુઓ માટે સ્પષ્ટ કહ્યું છે કે, ૧. અસ્ત્રાથી જેમને માથું મુંડાવવું છે એમણે દર મહિને મુંડાવવું, ૨. કાતરથી જેમણે માથું મુંડાવવું છે, એમણે દર પંદર દિવસે મુંડાવવું, ૩. લોચથી જેમણે માથું મુંડાવવું છે એમણે છ મહિને એકવાર મુંડાવવું, ૪. સ્થવિરે વરસમાં એકવાર માથું મુંડાવવું હોય તો સંવસ્તરિએ લોચ કરવો.

જૈન પરંપરામાં ખાસ કરીને સ્થાનકવાસી સંપ્રદાયમાં 'આરંભ સમારંભનો ત્યાગ' શબ્દનું ખોટું અર્થઘટન ઘુસી ગયું છે. શબ્દ સાચો છે પણ અર્થઘટન ખોટું છે. મને એક વ્યક્તિએ વાત કરી હતી કે એમના પરિચિત વ્યક્તિએ પોતાની દીકરીની સગાઈ વિધિમાં પોતે જ ગોઠવેલ ભોજન સમારંભમાં પોતે ખાધું નહીં. ઘરેથી ટિફીન મંગાવીને ખાધું. આરંભ સમારંભનો ત્યાગ શબ્દનું ખોટું અર્થઘટન આ ઘટનાના મૂળમાં છે.


**- ક્રમશ :**

**- સુરેશ ગાલાના 'મરમનો મલક' પુસ્તકમાંથી સાભાર**

**- સાર સંક્ષેપ - ચંદ્રસેન મોમાયા**

**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**



**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.

**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092.
Tel. : 2893 6173 / 2890 4500

॥ શ્રી ચંદ્રપ્રભસ્વામિને નમઃ ॥

# શ્રી કચ્છ પરજાઉ જૈન મહાજન ટ્રસ્ટ ફંડ્સ


**કાર્યાલય :** શ્રી પરજાઉ જૈન દેરાસર, પરજાઉ (કચ્છ) ૩૭૦૬૪૦ ફોન : 02831 - 294156 / 9537949956
**મુંબઇ ઓફિસ :** C/o. ક્રિસ્ટલ કોલોઇડ્સ પ્રા. લિ. અનુપમ ઇન્ડસ્ટ્રીઅલ એસ્ટેટ નં.૧, યુનિટ નં.૯,
ઓફ પી.કે.રોડ, સાંઇધામ બિલ્ડીંગની પાછળ, મુલુન્ડ (પ), મુંબઇ-૪૦૦ ૦૮૦.
ફોન : 32944449 / 25901387 / 32937988 / 9821163241


**શ્રી પરજાઉ ક.દ.ઓ. જૈન જ્ઞાતિજનો, જય જિનેન્દ્ર**

## અંતરથી અનુમોદના...

શ્રી પરજાઉ નગરે ૧૫૭મી ધ્વજા મહોત્સવનો કાર્યક્રમ ૧૯ અને ૨૦ મે ૨૦૧૩, વૈશાખ સુદ ૧૦ અને ૧૧ના હર્ષ અને ઉલ્લાસપૂર્વક ઉજવાયો. તા.૧૯ના બપોરે ૨ કલાકે શ્રી અઢાર અભિષેક અનુષ્ઠાન રહેલ. તા.૨૦ના સતરભેદી પૂજા સહ ૧૫૭મી ધજાનું અનુષ્ઠાન મંગલમય રીતે સંપન્ન થયું. આ પ્રસંગે નીચે મુજબ વિક્રમી ચડાવાના લાભ લેવામાં આવ્યા.

મૂળનાયકશ્રી ચંદ્રપ્રભસ્વામીના મુખ્ય શિખરની ધજાનો લાભ રૂા.૨,૬૧,૦૦૦ની બોલીથી **માતુશ્રી મલ્યાબેન શરદચંદ્ર દંડ**ના સુપુત્ર ચિ. જયેશભાઇ અને પુત્રવધુ જિલ્પાબેને તેમની લગ્નતિથીની ૧૨મી સાલગિરા નિમિતે લાભ લીધેલ.

શ્રી અનંતનાથ દાદાના શિખરજી ધજાનો લાભ રૂા.૭૨,૧૭૨ની બોલીથી **માતુશ્રી સોનબાઇ દામજી વિકમશી**ના સુપુત્ર ચિ. હરેશભાઇ અને પુત્રવધુ જયશ્રીબેને લાભ લીધેલ.

શ્રી શાંતિનાથ દાદાના શિખરની ધજાનો લાભ રૂા.૫૧,૧૫૧ની બોલીથી **માતુશ્રી હીરાવંતીબેન લહેરચંદ મેપાણી**ના સુપુત્ર ચિ. નયનભાઇ અને પુત્રવધુ પૂર્ણિમાબેને લાભ લીધેલ.

મહાજનશ્રી ઉપરોક્ત ઉદારદિલ દાતાઓની ધાર્મિક લાગણીની અનુમોદના કરે છે અને તેમનો હાર્દિક આભાર માને છે.

### નૂતન ઉપાશ્રયના નિર્માણ સંબંધી આયોજન

ટ્રસ્ટની ગત વાર્ષિક સામાન્ય સભામાં ચર્ચાને અંતે નિર્ધારીત થયા મુજબ નીચે મુજબ દાતાઓનું આયોજન કરેલ છે. (૧) મૂખ્ય નામના દાતા (૨) હોલના નામના દાતા (૩) ગોચરી રૂમ-૧ના દાતા (૪) ગોચરી રૂમ-૨ના દાતા (૫) ઉપાશ્રય નિર્માણ માટે એક ઇંટના દાતા.

પ્રત્યેક દાતાના નકરાની માહિતી વાર્ષિક સામાન્ય સભામાં નક્કી થયા મુજબ નિર્ધારીત કરેલ છે. આ માટેની વિગતવાર માહિતી માટે ટ્રસ્ટબોર્ડનો સંપર્ક સાધવા વિનંતી. આ સંબંધી આપની ઇચ્છાઓ/ઓફરો ટ્રસ્ટબોર્ડને મોડામાં મોડી **તા.૨૮.૭.૧૩** અષાઢ વદ ૬ રવિવાર સુધીમાં જણાવવા વિનંતી. આવેલી ઓફરો/ઇચ્છાઓ પર ચર્ચા વિચારણા કરી તા.૪.૮.૧૩ સુધીમાં અંતિમ નિર્ણય લઇ, વિશેષ સર્વસાધારણ સભામાં અંતિમ આદેશ આપવામાં આવશે. પરજાઉના સર્વે જ્ઞાતિજનોને વિનંતી કરવામાં આવે છે. આવેલ તકનો લાભ લઇ સ્થાનિકે આપના અથવા આપના વડીલોનું નામ કાયમી અંકિત કરવાના આ અવસરનો મોકો ઝડપી લેવા વિનંતી.

### આગામી પયુષણ પર્વ પ્રસંગે પરજાઉ નગરે પધારવા ભાવભર્યું આમંત્રણ

ચાલુ વર્ષે પર્યુષણ પર્વ શ્રાવણ વદ ૧૩, તા.૨.૯.૧૩થી ભાદરવા સુદ છઠ્ઠ તા.૧૦.૯.૧૨ સુધી ભાવપૂર્વક ઉજવવામાં આવશે. આ પ્રસંગે સ્થાનિકે સંપૂર્ણ વ્યવસ્થા ટ્રસ્ટબોર્ડ દ્વારા કરવામાં આવશે. આ પ્રસંગે પધારવા સર્વે પરજાઉવાસી જ્ઞાતિજનોને, નિયાણીબહેનોને સહકુટુંબ પધારવા વિનંતી. હાલના રેલ્વેના નિયમ અનુસાર રિઝર્વેશન બે મહિના અગાઉ થાય છે. તેથી સમયસર ટિકિટ કઢાવી લેવા વિનંતી. વધુ માહિતી માટે ટ્રસ્ટબોર્ડના ટ્રસ્ટીઓનો વિના સંકોચે સંપર્ક સાધવા વિનંતી.

### શ્રી પરોણા ભગવાન માટે નૂતન દેરી નિર્માણ સંબંધી આયોજન

ટ્રસ્ટબોર્ડે નિર્ધારિત ક્ર્યા મુજબ હાલમાં શ્રી સંઘ પાસે સ્થાનિકે રહેલ પરોણા ભગવાનશ્રીને કાયમી સ્વરૂપે સ્થાપિત કરવા જિનાલયના પટાંગણમાં જિનાલયની પાછળ ડાબી બાજુએ નૂતન દેરી નિર્માણ કરવાનું નિર્ધારિત કરેલ છે. આ અમુલ્ય અવસરનો લાભ લેવા ટ્રસ્ટબોર્ડનો સંપર્ક સાધવા વિનંતી.

અંતે, શ્રી ચંદ્રપ્રભની કૃપા સર્વે પરજાઉવાસી જ્ઞાતિજનો અને નિયાણી બહેનોને પર વરસતી રહે એવી પ્રભુને દશે આંગળીએ પ્રાર્થના કરી વિરમીયે છીએ.

**એજ લી.**
**શ્રી કચ્છ પરજાઉ ટ્રસ્ટ જૈન મહાજન ટ્રસ્ટ ફંડ્સવતી**
**શ્રી ગુલાબ ધનજી દંડ (પ્રમુખશ્રી) ના જય જિનેન્દ્ર**

।। શ્રી આદિનાથાય નમો નમઃ ।।



## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન - સાંયરા

કચ્છ સાંયરા, પોસ્ટ કોઠારા, તા. અબડાસા, કચ્છ - ૩૭૦ ૬૪૫ ફોનઃ ૦૨૮૩૧-૨૮૩૧૮

ધર્માનુરાગી શ્રાવક-શ્રાવિકા,

સાંયરામાં પર્વાધિરાજ પર્યુષણ પર્વની શાનદાર ઉજવણી **તા. ૨-૯-૨૦૧૩ થી તા. ૧૦-૯-૨૦૧૩**ના નવ દિવસના સાધર્મિક ભક્તિના આખા દિવસના દાતા **શેઠશ્રી શા. રતનશી કુંવરજી લોડાયા હસ્તે માતુશ્રી દમયંતીબેન રતનશી કુંવરજી લોડાયા - સાંયરા હાલ ડોંબીવલી**એ લાખેણોં લાભ સહર્ષ લીધો છે. એમની ઉચ્ચ અને ઉછળતી ધાર્મિક ભાવનાની સાંયરા સંઘ ભુરી ભુરી અનુમોદના કરી હાર્દિક અભિનંદન આપે છે.

સાંયરા ચાતુર્માસ ફંડમાં સહયોગી દાતા ના રૂા. ૫૦૦૦/- નકરાના અત્યાર સુધી ૭૦ નામ આવેલ છે. આપનો ફાળો રૂા. ૫૦૦૦/- આપી ધર્મભાવનાની અનુમોદના કરી ધર્મીકરણ બની સહયોગી દાતા બનવાનો બહુમુલ્ય અવસરનો લાભ દરેક કુટુંબમાંથી એક નામ ઉદારદિલે સત્વરે નોંધાવવા સાંયરા મહાજનની નમ્ર વિનંતી છે. સહયોગી દાતાઓના નામ બેનર ઉપર ચાર મહિના દેરાસરના પટાંગણમાં પ્રદર્શિત કરવામાં આવશે.

**પ.પૂ.સા. શ્રી કોમલગિરાશ્રીજી મ.સા.** અને **બાલ સાધ્વી પ.પૂ.સા. શ્રી સિધ્ધગિરાશ્રીજી મ.સા.** આદિ થાણા - ૨ નું મંગલકારી ચાતુર્માસ પ્રવેશ **શુક્રવાર તા. ૧૯-૦૭-૨૦૧૩ના સવારના ૧૦.૩૦ કલાકે** શુભ મુહુર્તે વાજતે-ગાજતે ભવ્ય સામૈયું થશે. **ચાતુર્માસ પ્રવેશના સમયમાં ફેરફારની નોંધ લેવા વિનંતી છે.**

આ મંગલમય પ્રવેશના અવસરે સૌ સાંયરાવાસી, નિયાણી બહેનો પરિવાર, સર્વ જ્ઞાતિજનો, મોંઘેરા મહેમાન દર વર્ષની જેમ બહોળી સંખ્યામાં સાંયરા ગામે પધારી શ્રી સકળ સંઘના જૈન શાસનની શોભામાં અભિવૃધ્ધી કરવા ભાવભર્યું નિમંત્રણ છે. આપના સાથ-સહકારની અપેક્ષા સાથે...

**નિમંત્રક : સાંયરા ચાતુર્માસ કમિટી શ્રી. ક.દ.ઓ. જૈન મહાજન – સાંયરા**

## બાયઠ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન ટ્રસ્ટ

**માનનીય જ્ઞાતિબંધુશ્રી....**

પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ નજદીક આવી રહ્યા છે. સ્થાનિકે બાયઠ મુકામે પર્વ આરાધના કરવા આપ સૌને પ્રકાશ-સમીક્ષાના માધ્યમથી જાહેર આમંત્રણ મોકલેલ જેના પ્રત્યુતરરૂપે આપ સૌ પાસેથી સારો એવો સહકાર સાંપડ્યો છે.

તપસ્વીરત્ન, અચલગચ્છાધિપતિ પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસુરીશ્વરજી મ.સા.ના આજ્ઞાવર્તીની પૂ. ધૈર્ય પ્રભાશ્રીજી મ.સા.ના સુશિષ્યા **પૂ. સા.શ્રી ગુણમાલા શ્રીજી મ.સા.**ના સંયમજીવન અનુમોદનાર્થે તથા આત્મશ્રેયાર્થે બાયઠ મુકામે પર્યુષણ પર્વ દરમ્યાન શ્રાવણ વદ બારસથી શ્રાવણ વદ ચૌદસ સુધી ત્રિહાનીકા મહોત્સવનું આયોજન કરલે ચે. જેનું કાર્યક્રમ નીચે પ્રમાણે છે.

| | | | |
|---|---|---|---|
| **શ્રાવણ વદ ૧૨ને** | **રવિવાર** | **તા.૧.૯.૨૦૧૩ના** | **અઢાર અભિષેક** |
| **શ્રાવણ વદ ૧૩ને** | **સોમવાર** | **તા.૨.૯.૨૦૧૩ના** | **સિધ્ધચક્ર મહાપૂજન** |
| **શ્રાવણ વદ ૧૪ને** | **મંગળવાર** | **તા.૩.૯.૨૦૧૩ના** | **મહાવીર પંચકલ્યાણક પૂજા** |

ભાદરવા શુદ ૩ના શંખેશ્વર પાર્શ્વનાથ તીર્થની ભાવ યાત્રા કરાવશે. અઢાર અભિષેક તથા (વહેલા તે પહેલાના ધોરણે) જેમને પણ એમાં લાભ લેવો હોય તેમણે પોતાના પરિવારનું નામ **શ્રી નવીન નારાણજી ધુલ્લા-૯૮૯૨૨૭૩૧૧૩, શ્રી ગુલાબ વેરશી પોલડીયા-૯૯૭૫૩૨૭૭૭૨ પાસે નોંધાવવા** નમ્ર વિનંતી છે.

પર્વાધિરાજ પર્યુષણ પર્વ તથા ત્રિહાનીકા મહોત્સવમાં સર્વે ગામાઇઓ તથા નિયાણી બહેનોને સહપરિવાર પધારવા ભાવભર્યું આમંત્રણ પાઠવતાં અત્યંત હર્ષ અનુભવીએ છીએ.

**મુંબઇથી કચ્છ પ્રસ્થાન બાંદરાથી તા.૩૦.૮.૨૦૧૩**

**કચ્છથી મુંબઇ પ્રસ્થાન ભુજથી તા.૧૧.૯.૨૦૧૩**

**આપની ટીકીટોની વિગત માટે શ્રી ગુલાબભાઇ વેરશી પોલડિયાનો સંપર્ક સાધવા નમ્ર વિનંતી.**

**ટી. એમ. ગોશર (પ્રમુખશ્રી)ના જય જિનેન્દ્ર**




## પ્રકાશ સમીક્ષાના તંત્રીલેખ

પ્ર.સ.ના તંત્રીલેખો જ્ઞાતિ તથા જ્ઞાતિ સંસ્થાઓના પદાધિકારીઓની ઉંઘ ઉડાડનારા છે. છતાં આપણી જ્ઞાતિની ઉંઘ ઉડતી નથી. ૧૯૪૪ના ધડાકામાં જ્ઞાતિના ઘણાં મકાનો ધ્વંશ થયા પણ કોઈએ દરકાર લીધી નથી. ત્યાં ફરી બાંધકામ કર્યું હોત તો જ્ઞાતિને નજીક રહેવાનો મોકો મલ્યો હોત. ટ્રસ્ટ પાસે અઢડક ધન છે. ત્યારે ધ્યાન આપ્યું હોત તો ઓછા ખર્ચે તે બાંધકામ કરી શકાયું હોત.

**અમરાવતી ૫.૬.૧૩ હીરજી કુંવરજી જીવાણી**

## મેરા ભી એક ઘર હો...

શ્રી ક.વી.ઓ. સમાજના એક વરિષ્ઠ દાતાએ કહ્યું હતું કે ૨૦૦૫માં જ્યારે થાણે-કલ્યાણમાં ભારે પુર આવ્યા હતા, ત્યારે સમાજે આવાસ માટેના જરૂરતમંદોનું સર્વેક્ષણ કરવામાં આવેલું ત્યારે ૪૦૦૦ જેટલા કે.વી.ઓ. અને ૧૦૫૦ કે.ડી.ઓ. એવી પરિસ્થિતિમાં રહેતા હતા કે જેમને આવાસ યોજનાનો લાભ અત્યંત જરૂરી હતો.

સંજોગવશાત, કે.વી.ઓ.-કે.ડી.ઓ. સંયુક્ત આવાસ યોજના પડી ભાંગી, અને આશરે ૪૦ જેટલા કે.ડી.ઓ.ને ઘર અપાયા, જ્યારે બાકીના ૧૦૦૦ જણાં આજે ઉચિત રહેઠાણથી વંચિત છે, કારણ કે જ્ઞાતિમાં એવી યોજના હજુ ય અધ્ધરતાલ છે.

આગામી ત્રણ વરસમાં પણ રહેણાંક માટે એકેય ઘરથી કોઈ હોપ નથી. આજે જગ્યાના ભાવ વધી ગયાને કારણે કરોડપતિઓની સંખ્યા કદાચ ૨૦૦૦થી પણ વધુ હોઈ શકે. તો પણ તેમાંથી 25% જેટલા કરોડપતિઓ આર્થિક રીતે સધ્ધર છે. એ પૈસો સંતાનોના સંતાનો વાપરે તોય ના ખુટે તેટલી સંપત્તિ હોવા છતાં પોતાના સમાજ માટે વાપરવા તૈયાર નથી. પૈસા વાપરી સમાજનું ઋણ ચુકવવાનો અવસર જતો કરે છે, એ દુઃખદ છે.

કરૂણામય પરિસ્થિતિમાં જીવતાં જ્ઞાતિબંધુઓનો હાથ ઝાલનારો કોઈ નથી. સારી રહેણાંકની વ્યવસ્થા આપણે સૌ કોઈને જોઈએ છે, ત્યારે તેમને કેમ નહીં. આપણી પાસે સ્ત્રોત હોવા છતાં તેનો ઉપયોગ ટાળી આપણે આપણી મસ્તીમાં જીવીએ છીએ.

"મેરા ભી એક ઘર હો" પરિસ્થિતિ એમની એમ આશાનું કિરણ બની રહેશે. એવી વાસ્તવિકતા ક્યારે સર્જાશે ? આપણાં જ્ઞાતિબંધુઓ માટે તેમને લાગણીના અંકુર ક્યારે ફુટશે. લાગણી શુષ્કતા ક્યારે દુર થશે ?

શું આપણામાં સમાજને કંઈક પરત કરવાની ભાવના અલોપ થઈ ગઈ છે, એમ સમજવું ? આપણી સુશિક્ષિત, અગ્રીમ વિચારસરણીવાળી અને વ્યવસ્થાપનમાં મોખરે એવી સાધન સંપન્ન જ્ઞાતિ માટે શું અશક્ય છે ?

જ્ઞાતિના જરૂરતમંદોને રહેઠાણ જેવી પાયાની જરૂરત અપાવવા સહકારી ધોરણે નાનકડી પણ આ યોજના સાકાર કરવી જોઈએ.

**મુલુન્ડ : ૮.૬.૧૩ - કુલીનકાંત ચાંપશી લુઠીયા**

## મહાજનના અધિકારીઓની બાલીશતા

પ્ર.સ.ના ૧૫ જૂન ૨૦૧૩ના અંકમાં શ્રી કલ્પેશ મોતાનો મહાજનના અધિકારીઓની અપરિપક્વતા અંગેનો ચર્ચાપત્ર વાંચીને ખેદ થયો. દેરાસરજીના ટ્રસ્ટીઓ અને મહાજનના અધિકારીઓ જો એકજ હોય તો બન્ને વચ્ચે સુમેળ રહે અને ભૂતકાળના બન્ને વચ્ચેના ગજગ્રાહો નીવારી શકાય. પરંતુ આ વખતે આ ધારેલી સદ્‌નશીબી જ્ઞાતિ અને જ્ઞાતિજનોની કમનશીબીમાં ફેરવાઈ ગઈ છે.

શ્રી કલ્પેશભાઈના પત્ર અનુસારના મહાજનશ્રી તરફથી જ્ઞાતિપત્રોને અપાતો અસહકાર ખરેખર દુઃખદ છે. જ્ઞાતિપત્રો ટ્રસ્ટીઓના અનુસંધાનમાં જે લેખો લખે છે તેનાથી ટ્રસ્ટીઓ ગીનાયા છે અને તેઓજ મહાજનના અધિકારીઓ હોવાથી, મહાજનના અધિકારીઓની રૂએ જ્ઞાતિપત્રોને અસહકાર આપે છે. મને પણ જ્ઞાતિ અધિકારીઓના આ વલણનો અનુભવ થઈ ગયો છે.

મહાજનશ્રીએ થોડા સમયથી જ્ઞાતિજનોને SMS મોકલી રોજેરોજના સમાચાર મોકલે છે. જે એક પ્રસ્તુતિ લાયક પગલું છે. જે જ્ઞાતિજનનો આવા SMS મેળવવાની ઈચ્છા હોય તેમણે એ માટે મહાજનની ઓફીસમાં પોતાનું નામ અને Mobile no. રજીસ્ટર કરાવવાનું રહે છે.

મેં બે વખત જરૂરી વિગત અને મારૂં Mobile / E-mail ID મહાજન ઓફીસને રજીસ્ટ્રેશન માટે મોકલેલ. પરંતુ કિનોખોરીથી એ રજીસ્ટર કરવામાં આવેલ નથી અને મને SMS મોકલવામાં આવતા નથી. આ મહાજનના અધિકારીઓની બાલીશતા નથી તો બીજાં શું છે ?

આ બાબત અંગે થોડા સમય પહેલા પ્ર.સ.માં શ્રી પ્રવીણભાઈ ધરમશી (સૂરત)નો ચર્ચાપત્ર પણ પ્રકટ થયેલ છે. મહાજન અધિકારીઓનું વલણ ખૂબજ ખેદજનક છે. મહાજન અધિકારીઓએ ખ્યાલમાં રાખવું જોઈએ કે મતમતાંતરોને અંગત સબંધ સુધી ન લઈ જવાય. જ્ઞાતિજનોના હક્કો મતમતાંતરોના કારણે છીનવી ન લેવાય. દાદા એમને સદ્‌બુદ્ધી આપે એવી પ્રાર્થના.

**મુંબઈ-૨૪.૬.૧૩ - પ્રવીણ ખોના**

## સગપણ સેતુ

સગપણ સમસ્યા હળવી કરવા આપના સંતાનની માહિતી નીચે દર્શાવેલ ફોર્મ મુજબ મોકલો. એ પરિચય ઉપરથી પસંદગીનો ક્રમાંક લખી જણાવી અમને આપના સંતાનનો બાયોડેટા મોકલો. એ વિગત આપના પસંદગીના ઉમેદવારના પરિવારને જણાવીશું. પત્રવ્યવહાર માટે જરૂરી પોસ્ટેજ કવર સાથે મોકલવા વિનંતી છે. સીધે સીધી માહિતી કોઈને અપાતી નથી. આપ ઈચ્છો તો આપના સંતાનની માહિતી નીચે દર્શાવેલ ફોર્મ મુજબ જ કોલમ વાર ભરી મોકલો અને સગપણ સેતુમાં ભાગ લો. કુંડલી-ફોટા અમને મોકલવા નહીં.

| ક્ર. | માહિતી પત્રક | ૫૨૮ | ૫૨૯ | ૫૩૦ | ૫૩૧ | ૫૩૨ | ૫૩૩ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | સ્ત્રી કે પુરૂષ | પુરૂષ | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | પુરૂષ | પુરૂષ |
| ૨ | નુખ/અટક/ઓળખ | મોતા | વોરા | લોડાયા | મૈશેરી | ધુલ્લા | ખોના |
| ૩ | જન્મ તારીખ | ૨૨.૪.૮૭ | ૧૪.૧૦.૮૪ | ૯.૧૧.૮૭ | ૧૯.૩.૮૧ | ૧૩.૯.૮૦ | ૧૭.૯.૮૨ |
| ૪ | વય (વર્ષ) | ૨૬ | ૨૯ | ૨૫ | ૩૨ | ૩૩ | ૩૦ |
| ૫ | ઉંચાઈ (સે.મી.) | ૫'-૭'' | ૫'-૫'' | ૫'-૩'' | ૫'-૮'' | ૫'-૮'' | ૫'-૧૦'' |
| ૬ | વજન (કી.ગ્રા.) | ૬૫ | ૫૫ | ૪૫ | ૬૦ | ૬૫ | ૭૫ |
| ૭ | વર્ણ | ઘઉંવર્ણ | ઘઉંવર્ણ | ગોરો | ઘઉંવર્ણ | ઘઉંવર્ણ | ગોરો |
| ૮ | શિક્ષણ/અભ્યાસ | B.Com | S.S.C. | B.Com | Dip.in Int Dign | B.Com | B.Sc (IT)<br>MBA (Fi) |
| ૯ | નોકરી/ધંધો | નોકરી | ધંધો | નોકરી | ધંધો | નોકરી | નોકરી |
| ૧૦ | હાલ વસવાટનું ગામ | મુંબઇ | મુંબઇ | ગુજરાત | મુંબઇ | મુંબઇ | મુંબઇ |
| ૧૧ | પાત્રના શોખ | – | – | – | વાંચન | સ્પોર્ટસ | – |
| ૧૨ | ખોડખાંપણ | નથી | નથી | નથી | નથી | નથી | નથી |
| ૧૩ | માસિક આવક (રૂા.) | ૩૦,૦૦૦ | ૫૦,૦૦૦ | ૧૫,૦૦૦ | ૪૫,૦૦૦ | ૩૫૦૦૦ | ૮૦,૦૦૦ |
| ૧૪ | અવર/વિ/છુટાછેડા | અવર | અવર | અવર | અવર | અવર | અવર |
| ૧૫ | કુંડલીમાં માનો છો ? | હા | હા | – | ના | હા | હા |
| ૧૬ | મંગળ/શનિ છે ? | નથી | શનિ | – | નથી | નથી | હા |
| ૧૭ | ફોટો મળશે ? | હા | હા | હા | હા | હા | હા |
| ૧૮ | સામેના પાત્રનું અપેક્ષિત શિક્ષણ | ભણેલી | અંગ્રેજી ભણેલી | – | શિક્ષિત સંસ્કારી | શિક્ષિત સંસ્કારી | ભણેલી |
| ૧૯ | તમારી પાત્ર અંગે વિશેષ પસંદગી/અપેક્ષા | સુશીલ<br>સંસ્કારી | મિલનસાર<br>સંસ્કારી | નિર્વ્યસની, વેલસેટલ<br>મિલનસાર | મિલનસાર | વેરી એક્ટીવ | પરિવાર પ્રેમી<br>સંસ્કારી |
| ૨૦ | ઉમેદવારની ખાસ વિશેષ માહિતી | મિલનસાર | પરિવારપ્રેમી | મિલનસાર<br>પરિવારપ્રેમી | હસમુખે<br>સ્વભાવ | મિલનસાર<br>પરિવારપ્રેમી | મિલનસાર |
| ૨૧ | સીધો સંપર્ક ઇચ્છતા હો તો ફોન નં.(સ્વૈચ્છિક) | - | - | 0281<br>2450562 | - | - | 24022339<br>9820238745 |

**આ વિભાગમાં ભાગ લેવા કાર્યાલય માટે નીચેની વિગત ભરી મોકલવી જરૂરી છે. (નીચેની માહિતી અપ્રકટ રહેશે.)**

મોકલનાર વાલીનું નામ : ________________ ઉમેદવારનું નામ : ________________

સરનામું : ________________________________

________________________________ ફોન : ________________

૭મા અધિકૃત વ.પ. ના કુટુંબ ક્રમાંક : ________________ સહી : ________________



**મરમજા મોતી : બે પંક્તિમાં અંકિત કવિ "તેજ" ની અમૃતવાણી... (૩૪)**
**– સોમ ધરમશી (કચ્છ)-09825372464**

***બીં જાતેંજા માડુ "તેજ" જીયણમેં જિએંતા***
***હિકડા લુઇ ડીએંતા, બેઆ લૂઇ પીએંતા !***

**શબ્દાર્થ :** બીં જાતેંજા - બે પ્રકારનાં, જીયણમેં - જિંદગીમાં, જિએંતા - જીવે છે, લૂઇ - લોહી

**ભાવાર્થ :** ઉપરની પંક્તિ વાંચતાં સંત કવિશ્રી તુલસીદાસની રચના કાનોમાં ગુંજવા લાગે.

**તુલસી ઇસ સંસારમેં ભાત ભાત કે લોક**
**સબસે હિલમીલ ચાલીએ, જૈસે નદી-નાવ સંજોગ!**

જીંદગીની સફરમાં જુદા જુદા સ્વભાવની વ્યક્તિઓના દરેકને અનુભવ થાય છે. સામાન્યતઃ ચાર પ્રકારના લોકો જોવા મળે છે.

**અસ્ત, વ્યસ્ત, ત્રસ્ત અને મસ્ત.** જીંદગીની કેડી પર કેટલીક એવી પણ વ્યક્તિઓ મળી જાણે બુઝાઇ ગયેલો વિજળીનો બલ્બ. નકારાત્મક વલણ ધરાવતા નિસ્તેજ લોકો, કેટલાક સતત 'વ્યસ્ત' મળ્યા. જેમને પુછ્યું કે તમારા પુત્ર-પુત્રી ક્યા ધોરણમાં ભણે છે? તેની પણ તેમને ખબર ન હતી. કેટલાક 'ત્રસ્ત' મળ્યા જે પોતે તો હેરાન હતા પણ બીજાને પણ હેરાન પરેશાન કરતા જોવા મળ્યા. આવા લોકો પોતાની ત્રસ્તતાના કારણે બીજાના રાહમાં કાંટા બનતા જોવા મળ્યા. ટાંટીયા ખેંચમાં આ લોકો પાવરધા હોય છે.

બહુ ઓછા લોકો એવા મળ્યા કે જે સદા 'મસ્ત' હોય છે. જિંદગીની આધિ, વ્યાધિ અને ઉપાધિમાં પણ નિજાનંદી-મસ્તરામ જોવા મળ્યા જિંદગીમાં મસ્ત ઓલિયા ફકીરની માફક જીવનારા કવિશ્રી તેજ પણ, સફરમાં મળેલ જુદા જુદા વ્યક્તિત્વનું વર્ગીકરણ કરી સાવ સહજ સરળતાથી સમજવા રજુઆત કરે છે.

અહીં કવિએ બ્લડ કેમ્પમાં લોહી આપનારા તરફ નહીં પણ બીજાની સેવા માટે તર્પણ કરનાર, બીજાની ભીડ ભાંગવા પોતાનું લોહી-પરસેવો વહેવડાવનાર તરફ છે. કવિશ્રી નરસિંહ મહેતાની પંક્તિઓ "જે પીડ પરાઇ જાણે રે" એવા વૈષ્ણવજન તરફ છે.

જ્યારે કેટલાક બીજાને માનસિક-શારીરિક યાતનાઓ આપી બીજાનું જીવન ત્રસ્ત બનાવતા હોય છે જાણે કે લોહી ચુસી લેતા ના હોય ? કવિ મોઘમ ઇશારા દ્વારા તેવા લોકોથી દુર રહેવા કહે છે.

આ રચના મમળાવતા કચ્છના કબીર શ્રી મેકણ દાદાની આખી યાદ આવે છે. તેનો મર્મ સમજી આપણી જાતને પૂછીએ કે આપણે ક્યું સ્થાન પ્રાપ્ત કરીએ છીએ.

***જિયો તા ઝેર મ થિઓ, સક્કર થિઓ મુંજા સેણ,***
***મરી વેંધા મેકણ ચેં, રોંધા ભલેં જા વેણ...***

## વિશેષ સમાચાર

### મણીકાંતભાઇ અને શ્રીમતી લતાબેન મોમાયાને અન્નપુરક રત્ન એવોર્ડ

ક.દ.ઓ. જ્ઞાતિ મહાજન-હૈદરાબાદના પ્રમુખ શ્રી મણિકાંત મેઘજી મોમાયાને 'અન્નપૂરક રત્ન' તથા શ્રીમતી લતાબેન મોમાયાને 'અન્નપૂરક રત્ન' વિવિધ સંસ્થાઓ દ્વારા એનાયત કરવામાં આવેલ. શ્રી ગુજરાતી મૂર્તિપૂજક સંઘ તરફથી રાજેન્દ્ર દલાલ, હીરાલાલ શાહ, કિરણ શાહ, ખાંતીભાઇ શાહ, સંદેશ દલાલ, શ્રી શ્વેતામ્બર તીર્થ કુલપાકજી તરફથી જૈન રત્ન સુરેન્દ્ર લૂણિયા, શ્રી રાજસ્થાની જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ તરફથી માણકચંદ સમદરિયા, કચ્છી વિશા ઓસવાલ સમાજ તરફથી દિનેશ ગોસર, શ્રી કચ્છી જૈન સેવા સંઘ તરફથી લહેરચંદ લોડાયા, ક.દ.ઓ. યુથ ફોરમના રિદ્ધીશ રમેશ લોડાયા દ્વારા એમનું સન્માન કરવામાં આવેલ.

### અરીહંત બેંકને 'કચ્છશક્તિ એવોર્ડ'

'કચ્છ શક્તિ' દ્વારા શ્રેષ્ઠ બેંકીંગ સેવાઓ માટે આ વર્ષે કચ્છી પ્રતિભાઓને બીરદાવવા જ્ઞાતિના મેનેજમેંટની અરીહંત બેંકને 'કચ્છશક્તિ' એવોર્ડ માટે પસંદગી કરાઇ છે. આ બેંક સતત પ્રગતિશીલ અને ગ્રાહકોને સારી બેન્કીંગ સેવાઓ પ્રદાન કરવામાં અગ્ર રહી છે. ડાયરેક્ટર્સ બોર્ડને હાર્દિક અભિનંદન.

### વડોદરાના નાટ્ય કલાકારો

સમસ્ત મહાજન યોજીત ડોંબિવલી બાળ સંસ્કરણ શિબિરમાં રજુ થયેલ ઉગતી પેઢીને જ્ઞાતિ પ્રવાહમાં જોડાવવા અપીલ કરતું નાટક 'કમાલ ધમાલ ઓર્ગનાઇઝેશન' માં ભાગ લેનારા પાત્રો : બાનું પાત્ર - શ્રીમતી હંસાબેન મણિકાંત લોડાયા, પિતાનું પાત્ર : ચિ. દીપેન વર્ધમાન લોડાયા, માતાનું પાત્ર : શ્રીમતી ભક્તિ પિયુષ ખોના, પુત્રનુ પાત્ર : મનન સંજય મોમાયા, પુત્રીનું પાત્ર ડિમ્પલ કમલેશ નાગડા, મિત્રોનું પાત્ર : સિધ્ધી નરેન્દ્ર મોમાયા, ચિ. જીગર અનિલ નાગડા, ચિ. સ્મીત કમલેશ લોડાયા, ચિ.સાક્ષી ભરત નાગડા, સુત્રધાર : ચિ. રીના નરેન્દ્ર ગોસર, સ્ક્રીપ્ટરાઇટર : શ્રીમતી જિનલ પ્રતિક મોતા અને શ્રીમતી અનુપ્રિતા નિશીથ દંડ હતા. સૌ કલાકારોએ ખુબ સરસ અને અસરકારક રજુઆત કરી સૌના દિલ જીતી લીધા હતા. અભિનંદન.

શુભેચ્છાસહ.....
**શીતલ કોટન ટ્રેડર્સ**
**શ્રી કાંતિલાલ ગાંગજી વોરા પરિવાર**
**(રંગપુર-કોઇમ્બતુર)**

# પાસ થયા - હાર્દિક અભિનંદન



**આયુષી તુષાર લાલકા**
મીમચ
CBSE (12) 86.2%



**તનીષ્કા નિલેશ દંડ**
હુબલી
CBSE (10) 83.6%



**રોહિત વિજય ધરમશી**
ઘાટકોપર
HSC- 77.33%



**આસ્થા ગૌતમ દંડ**
મુલુન્ડ
B.com - 84%



**નેહા મહેશ મોમાયા**
હુબલી
B.Com 85%



**પિંકી હરીશ મોતા**
ડોંબિવલી
MCA (V) 70%




**ભક્તિ મૈશેરી**
આકોટ
HSC - 85 %



**દિવ્યા મનોજ મોમાયા**
વની
HSC - 66%



**પાર્થ રાજેશ ખોના**
માટુંગા
HSC - 82.91%



**જિનેશ જીતેન્દ્ર મોમાયા**
ડોંડાઇચા
SSC - 90.91%



**હેમલ મનોજ મોમાયા**
વરોરા
SSC - 93.09%




**ધૈર્ય જીતેન ધરમશી**
વિરાર
SSC - 82%




**અવની અતુલ છેડા**
શહાડ
SSC - 70.20%



**સિધ્ધિ નરેશ છેડા**
શહાડ
SSC - 82.91%




**ચિંતન કે. મૈશેરી**
ડોંબિવલી
SSC - 85%



**સુતેજ કેતન મોતા**
ડોંબિવલી
SSC - 84.18%



**રોહન નિખિલ ખોના**
માટુંગા
B.Com 76%



**નેમ જીગ્નેશ ખોના**
મસ્જીદબંદર
HSC - 78.17%



**તેજસ જીગ્નેશ ખોના**
મસ્જીદબંદર
B.Com-88.57%



**સ્નેહલ મહેશ છેડા**
માણાવદર
B.C.A. (IV) 82.83%



**ભવ્ય મહેશ છેડા**
માણાવદર
F.Y.J.C. - 82%

**તેજલ જયેશ લોડાયા** ગદગ PUC (I) 84%


શુભેચ્છાસહ.....
શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)
**અંબા શીપીંગ એજન્સીઝ**
૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઇડીંગ રોડ, મુંબઇ-૯.


## સ્પષ્ટતા :

પ્ર.સ.અંક ૨૫માં ૧૪મા પાના ઉપર 'પાસ થયા, હાર્દિક અભિનંદન' શિર્ષક હેઠળ પ્રગટ થયેલ તસવીરોમાં ચિ. હિરલ જગદીશ નાગડા (વાલકેશ્વર) એમ.બી.એ.ની તસવીર તથા અંક ૨૬માં બીજા પાના ઉપર પ્રકાશિત થયેલ કલર 'હાર્દિક અભિનંદન-ચિ.હિરલ જગદીશ નાગડા-(એમ.બી.એ.ની) જાહેરખબર અંગે જ્ઞાતિ આગેવાન કે દ્વારા અમારું ધ્યાન દોરાવવાનું આવ્યું છે કે શ્રી હિરલ જગદીશ નાગડા કે તેમના વડિલો આપણી ક.દ.ઓ. જ્ઞાતિના સભ્ય નથી. જોકે તેની માતા જ્ઞાતિની પુત્રી છે. એટલે તેમને માહિતી અને જાXખ મોકલ્યા હતા.


શુભેચ્છાસહ.....
*Laxmichand Dharshi Mota*
**MOTA SHIPPING AGENCY**
C.H.A.No.11-0404

## પ્રકાશ સમીક્ષા સમાચાર સંકલન
સંસ્થા સમાચાર | જ્ઞાતિ સમાચાર | વતન સમાચાર

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### જબલપુર નગરે ચાતુર્માસ પ્રવેશ

જબલપુરમાં પુ. મુનિરાજ ધર્મપ્રભસાગરજી, પુ. રાજશેખરસાગરજી અને ધર્મ શેખરસાગરજી આ.ઠા. ૩નું ચાતુર્માસ પ્રવેશ ૧૨.૭.૧૩ના સવારે ૯ વાગે થશે. પુજ્યશ્રીઓ કચ્છી જૈન સમાજ મંદિર, નેપીયર ટાઉનમાં બિરાજશે. ચાતુર્માસમાં જિન પ્રવચનધારા, વિવિધ તપસ્યાઓ, ૫૦ આયંબીલ તપ, ૧૦૮ દિવસ નવકાર લબ્ધિકુંભ સામે જાપ, શ્રી હર્ષ દેઢિયા દ્વારા ૪.૮.૧૩ના જાપ અનુષ્ઠાન, સવારે ૯ થી૧૦ સુત્રાધિકારે શાંતસુધારસ ગ્રંથ અને ચરિત્રાધિકારે શ્રી શાંતિનાથ કથા પર પ્રવચનો, રવિવારે જાહેર વ્યાખ્યાન, શનિવારીય બાળશિબિર, અષ્ટપ્રકારી પુજા અભિયાન, રાત્રે પ્રશ્નોતરીમાલા, યુવાશિબિર, પર્વ બાદ પુજનો વગેરે રહેશે. સંકલ સંઘને દર્શન-વંદનાર્થે પધારવા આમંત્રણ છે.

### સાંયરા

અત્રે ૧૨.૬.૧૩ના શ્રી નેણશી શામજી સોની પરિવાર (ધુલીયા) તરફથી પૌત્રના લગ્ન નિમિતે સ્વામીવાત્સલ્ય જમણ થયેલ. ૧૩.૬.૧૩ના મા.વાલબાઈ દામજી ધ્રોળ પરિવારના નુતન મકાનનું વાસ્તુપુજન થયેલ. સૌએ મળી ભક્તિભાવનાની રમઝટ જમાવેલ. સ્વામીવાત્સલ્ય જમણ અને રૂા.૧૦નું સંઘપુજન થયેલ. મુંગા પ્રાણીઓને ઘાસચારો અને કુતરાને રોટલા નખાયા.

### માનવજ્યોત-ભુજનું પ્રશસનીય કાર્ય

માનવજ્યોત ભુજ દ્વારા શ્રી પ્રબોધ મુનવરનાં માર્ગદર્શન હેઠળ કચ્છમાં પક્ષીઓને પાણી પીવા ઠેર-ઠેર માટીનાં કુંડા ગોઠવવામાં આવ્યા છે. ઉનાળાની કાળઝરતી ગરમીમાં પાણી ન મળવાથી હજારો પક્ષીઓ મૃત્યુને ભેટે છે. જેમને બચાવવા માનવજ્યોતે અભિયાન આદર્યું.

માનવજ્યોત દ્વારા રાપરના આડેસરથી લખપતના પાનધ્રો સુધી ઠેર-ઠેર માટીનાં કુંડા અને ચકલીઘર લટકાવેલા જોવા મળે છે.

### માનવજ્યોત ભુજ દ્વારા અનુમોદનીય કાર્ય

મંગલુરથી ભુલી પડેલ આશાલતા (વય ૧૮) નામની છોકરી રખડીને ભુજ રેલ્વે સ્ટેશને આવી જતાં અને એકલી અટુલી મુંઝાઇ જતાં માનવજ્યોતના કાર્યકર શ્રી પ્રબોધ મુનવરે સ્ટેશનમાસ્તર પાસે વાત કરી તેણીનો કબ્જો લઇ પુછપરછ કરતાં તેના વાલીઓ સાથે વાત કરી ભાળ મેળવી હતી. કન્નડ ભાષા સિવાય કોઇ ભાષા ન જાણતી હોઇ પ્રબોધભાઇ સાથે શ્રી ગોવિંદજી પટેલ (મુલુન્ડ)એ પણ લોકાપુરમાં ઉષાબેન નાગકુમાર લોડાયાનો સંપર્ક કરી, પુરી હકીકત જાણી હતી. આ યુવતી મંગલુરથી મૈસુર, બેંગ્લોર, મુંબઇ થઇ ભુજ પહોંચી હતી. સમાજસેવારૂપે તેનો ઘરે સંપર્ક કરાવી વાલીઓ સાથે વાત કરાવી હતી. વાલીઓ ભુજ પધારે ત્યાં સુધી કચ્છ મહિલાકલ્યાણ કેન્દ્રમાં તેને રાખવામાં આવેલ.

### શ્રી કચ્છી મિત્ર મંડળ-હૈદરાબાદ

શ્રી કચ્છી મિત્ર મંડળ હૈદરાબાદ દ્વારા 'સંપર્ક સેતુ-૨૦૧૩' (ટેલીફોન ડિરેક્ટરી)નું પ્રકાશન દાતા શ્રીમતી લતાબેન મણિકાંત મોમાયા પરિવાર (વરાડિયા-હૈદરાબાદ) દ્વારા કરવામાં આવેલ. શ્રી બૃહદ મુંબઇ ગુજરાતી સમાજના પ્રમુખ, શ્રી હેમરાજ શાહના હૈદરાબાદ આગમન પ્રસંગે ટ્રસ્ટીશ્રી હેમાંગ મોમાયા તરફથી અર્પણ કરવામાં આવેલ.

### કોઠારા

અત્રે સૌ.શ્રી. જયકીર્તીશ્રીજી મ.સા.નું ચાતુર્માસ છે. પુજ્યશ્રીઓનું ચાર્તુમાસ પ્રવેશ ૯.૭.૧૩ના થશે સર્વે કોઠારાવાસીઓ તથા જ્ઞાતિજનોને કોઠારા તિર્થે પધારવા ભાવભર્યું આમંત્રણ છે. ૨.૫.૧૩ના પર્યુષણ પર્વ શરૂ થાય છે. ચાતુર્માસ તથા પર્યુષણ મહાપર્વે પધારવા હાર્દિક આમંત્રણ છે. શૈક્ષણિક સહાય સ્કુલ, કોલેજ ફી માટે શ્રી કોઠારા ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન ટ્રસ્ટ દ્વારા ધો.૧ થી ૧૦ તથા કોલેજમાં ઉચ્ચ અભ્યાસ કરતા સર્વે કોઠારાના જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓને સ્કુલ કોલેજ ફી


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઇ દંડ પરિવાર**

(વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

Asia's First ISO 9001:2000 Certified Gin Press

માટે અરજી પત્રક ટ્રસ્ટની મુંબઇ ઓફીસ તથા કચ્છ કોઠારા ઓફીસે ઉપલબ્ધ છે અરજીપત્રક ફોર્મ મેળવી સંપૂર્ણ વિગત ભરી ટ્રસ્ટની મુંબઇ ઓફીસે મોકલી આપવા જણાવાયું છે. શૈક્ષણિક સહાય ફંડમાં સહભાગી થવા ગામવાસી ભાઇ-બહેનોને અપીલ છે.

## શ્રી સ્વસ્તિક ગ્રુપ દ્વારા યુવાઓ માટે કાર્યક્રમ

ગ્રુપના ઉપક્રમે 'પંખ આત્મવિશ્વાસ'ના નામે જ્ઞાન સાથે ગમ્મત આપતો કાર્યક્રમ રવિવાર ૨૩.૬.૧૩ બપોરે ૨ થી ૭માં યોજાયેલ. જેમાં Personality Development, Corporate Ettiqutes, Soft Skills-Presentation Skills, Interview Skills, Leadership & Team building, Communication Skills, Self Motivation, Career Guidence અપાયેલ.

આ સેમીનારનું કાઉન્સેલીંગ ITM Executive Education Centre (Sion) દ્વારા કરવામાં આવેલ.

સેમીનારના દાતાઓ બેલા-મીના ચીમનલાલ મોતા (વારાપધ્ધર) (Tan-Man Tourse & Travels), માતુશ્રી મધુરીબેન બાબુલાલ લોડાયા (ગોરખડી), માતુશ્રી જયાબેન મોતીલાલ લોડાયા (મોટી ખાવડી), માતુશ્રી તારાબેન માણેકજી મોતા (રાપર-ગઢવારી) (Jash Mercantile LLP), માતુશ્રી ચંપાબેન હંસરાજ ડાઘા (વરાડીયા) (Amba Shipping Agency) હતા.

ગ્રુપના આ કાર્યક્રમમાં ૧૦૦ થી વધુ વિદ્યાર્થીઓ જોડાયા હતા. ઉગતી પેઢી માટે વિવિધ રમતો રમાડી જ્ઞાન ગમ્મત સાથે ગ્રુપ લીર્ડીગ, ક્રીયેટીવીટી, સેલ્ફ કોન્ફીડન્સ, ઈફેક્ટીવ કમ્યુનીકેશન, નોલેજપાવર, પ્રેઝન્ટેશન, વ્યક્તિત્વ વિકાસ, ઈન્ટરવ્યુ સ્કીલ્સ વગેરે મુદ્દાઓપર ઉપયોગી માર્ગદર્શન અપાયેલ. દરેક ભાગ લેનારા છાત્રને દાતાઓના ઉદાર સહયોગે યાદગાર ભેટ અપાયેલ તેમજ ચા-પાણી અલ્પાહારની વ્યવસ્થા કરાઈ હતી. કુ. જિનલ લોડાયાએ આગવી શૈલીમાં કાર્યક્રમ સૂત્ર સંચાલન કરેલ. ગ્રુપની ટીમના કાર્યકરોએ સુંદર વ્યવસ્થા જાળવી કાર્યક્રમને સફળ બનાવેલ.

આ પ્રસંગે ડોંબીવલી મંડળના ભુતપુર્વ કાર્યકરોએ પધારીને યુવાટીમને પ્રોત્સાહિત કરેલ. સેમીનારમાં માર્ગદર્શન આપવા ઈન્સ્ટીટયુટ ઓફ ટેક્નોલોજી અને મેનેજમેંટ (સાયન)ના નિષ્ણાંતો રીટાબેન શાહ, કિંજલ મારુ અને ટીમ પધારેલ.

ગ્રુપ દ્વારા યુવા પેઢી માટે ઉપયોગી કાર્યક્રમો યોજાય છે અને સામાજિક સેવા ક્ષેત્રે સક્રિય યોગદાન અપાતું રહ્યું છે. આ કાર્યક્રમમાં સમસ્ત મહાજનના સેક્રેટરી જનરલ શ્રી ચીમન મોતાએ ખાસ હાજરી આપેલ.

## આકોલાનગરે ૧૦૯મો ધ્વજા મહોત્સવ

જ્ઞાતિના શ્રી વીસનજી ત્રીકમજી સરનાઈટ નિર્મીત ત્રણ માળના શ્રી આદીનાથ દાદાના ભવ્ય જિનાલયની ૧૦૯મી વર્ષગાંઠ જેઠ સુદ-૨, ૧૦.૬.૧૩ના આનંદ ઉલ્લાસ સાથે ઉજવવામાં આવી. ધ્વજારોહણનો લાભ શ્રી પ્રેમજી દેવરાજ લોડાયા પરિવાર (વારાપધર-આકોલા)એ લીધેલ. સંઘ સ્વામીવાત્સલ્યનો લાભ શ્રી પ્રફુલ સોમચંદ લોડાયા (નાનીખાવડી)એ લીધેલ.

આ પ્રસંગે શ્રી પ્રેમજીભાઇના પરિવાર તથા સ્નેહીજનો બડગરા, હુબલી, મુંબઇ, પાચોરાથી પધારેલ.

આ પ્રસંગે પૂ.આ. શ્રી ભુવન ભાનુશ્રી મ.સા. સમુદાય ના પ્રવચન પ્રભાવક મુનિ શ્રી દર્શનવલ્લભ વિજયજી મ.સા. આ.ઠા. અને અચલગચ્છ પુ.સા. શ્રી તીર્થપ્રભાશ્રીજી આ.ઠા.-૨ ની નિશ્રા પ્રાપ્ત થયેલ.

## શ્રી ક.દ.ઓ. જૈન યુવક મંડળ-વડોદરા

મંડળ દ્વારા જ્ઞાતિના વિદ્યાર્થીઓ માટે ૧ થી ૫ જુન દરમ્યાન ૭૫ ડઝન લોંગબુક/નોટબુક તથા ઉપયોગી શૈક્ષણિક કીટ, કંપાસ, પેન્સીલ-પેનસેટ, માર્કરપેન, વ્હાઇટનર, એકઝામ પેડ, નોટબુક કવર વગેરેનું વિતરણ દાતાઓના સહયોગથી નિઃશુલ્ક કરાયું. વિતરણ કાર્યમાં શ્રી નરેન્દ્ર મોમાયા તથા દર્શીત અજય લોડાયાએ ઉમદા સેવા આપી.

## શ્રી પદ્મમુક્તિ વાત્સલ્યનિધિ ટ્રસ્ટ-ચાલીસગામ

પૂ. શ્રી જયલક્ષ્મીશ્રીજી મ.સા. પ્રેરીત અને પૂ.જયદર્શિતાશ્રીજી મ.સા.ના માર્ગદર્શન ટ્રસ્ટના કાર્યો સરળતાપૂર્વક ચાલે છે. દર બુધવારે ચાલીસગામમાં અને દર શનિવારે પાચોરામાં ગરીબોને ભોજન અપાય

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
TAN MAN TOURS & TRAVELS
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

ઉત્તરાખંડમાં અતિવૃષ્ટિની કારણે થયેલ કુદરતી હોનારતમાં હજારોની જાનહાની અને પારાવાર નુકશાન થયેલ છે તે સૌ માટે સુખશાતા શાંતિ પ્રાર્થીએ. જલ્દીથી બધું પુર્વવત ઠરીઠામ થાય તેવી અભ્યર્થના...
- તન-મન પરિવાર

શીખરજીની સર્વ પ્રથમ અને
એકમોત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ


છે. જે માટે આવેલ ફંડ કાયમીતિથીઓ : સ્વ. લક્ષ્મીચંદ શામજી મૈશેરી હસ્તે હરીશભાઇ (મુલુન્ડ), સ્વ. ચાંદની મહેન્દ્ર નાગડા (પાંચોરા), મા. તારાબાઇ માણેકજી મોતા, હિતેશભાઇ એમ. મોતા, સૌ. નિશાબેન હિતેશ મોતા , અજય હિતેશ મોતા, જય હિતેશ મોતા (વાલકેશ્વર), શ્રી શીવજી વેલજી લોડાયા (મુલુન્ડ), પલ્લવી વીરચંદ શાહ (નાંદેડ) દૈનિક નકરા : શ્રી કોતવાલ સાહેબ (જલગામ), સૌ. મિતલ ધિરેશ ધરમશી (મલાડ), એક સદ્‌ગ્રહસ્થ, સ્વ.તારાચંદભાઇ ધનજી ધરમશી (મસ્જીદ) હ. તિલેશ ધરમશી, સ્વ. ચંપાબાઇ ધનજી ધરમશી (મસ્જીદ) ચંદ્રકાંતભાઇ.

## શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ-મુલુન્ડ

મંડળ દ્વારા શ્રી મહાકાળી માતાજીની ભાવના ૧૪.૭.૧૩ના રાતે ૮.૩૦ શ્રી વાસુપુજ્ય જિનાલયે રાખવામાં આવેલ છે. જેનો લાભ શ્રી કુંવરજી વીરજી શાહ પરિવાર (ભરૂડીયા) લીધેલ છે.

આગામી ભાવના ૧૮.૮.૧૩ના શ્રી જવેરચંદ વિરચંદ નાગડા પરિવાર (જખૌ) તરફથી છે.

## વારાપધર

અત્રે શ્રી જવેરચંદ ટોકરશી લોડાયા પરિવાર તરફથી ૧૩.૫.૧૩ના ભલારાદાદાની પહેડી થઇ હતી. સ્થાનકે ભક્તિ પાઠમાં ૫૧ જણાંએ લાભ લીધેલ કાર્યક્રમ માટે સર્વે કાર્યકરોએ સુંદર જહેમત લીધી.

શ્રી રમેશ પ્રેમજી લોડાયા (હૈદરાબાદ)ની પ્રથમ માસિક પુણ્યતિથીએ ૧૮.૫.૧૩ના પરિવાર તરફથી પાર્શ્વનાથ પંચકલ્યાણક પુજા ભણાવાઇ અને રૂા.૧૦ની પ્રભાવના થઇ.

## પૂ. સર્વોદયસાગરજી આ.ઠા. સુરત

સાહિત્ય-ઈતિહાસ સંશોધક મુનિ સર્વોદયસાગરજી આ.ઠા. આ વર્ષે સુરત ચાતુર્માસ નિશ્રા આપશે. તેમના પ્રવેશદિન ૨૧.૭.૧૩ના બપોરે તેમની નિશ્રામાં ચારિત્રરત્ન ફાઉન્ડેશન તરફથી સામાજિક, ધાર્મિક, રાજકીય સેવા કર્મીઓને સર્વોદય સેવા સન્માન અપાશે. સંપર્ક : શાંતિનાથ દેરાસર, મોર્ડન ટાઉન, પરબત પાટીયા, સુરત ફોન : ૦૯૭૧૨૬૮૩૦૯૬ (સંદીપભાઇ).

## ભુલસુધાર

(૧) પ્ર.સ.અંક ૨૬માં પાના-૮ પર ચિ. ઉર્જા સંજય ડાઘાની જા.ખ.માં દાદા-દાદીનું નામ વિજયાબેન મણીલાલ **ત્રીકમજી** ડાઘા (દલતુંગી) સુધારીને વાંચવું.

(૨) પ્ર.સ. અંક ૨૬માં ૧૮માં પાના પર લગ્ન નોંધમાં કિંજલ સુશીલ લોડાયાનું હાલનું ગામ શરતચુકથી વાશી છપાયું છે જે સુધારીને જે **માટુંગા** વાંચવું.

## શ્રી વડાલા અચલગચ્છ જૈન સંઘ

પૂ. અચલગચ્છાધિપતિશ્રીના આજ્ઞાવર્તિની પૂ.સા.શ્રી જયરેખાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪નું ચાતુર્માસ પ્રવેશ ૧૪.૭.૧૩ના સવારે ૯ કલાકે શ્રીમતી સુશીલાબેન ચંદુલાલ ધરમશીના નિવાસસ્થાન ૮ વિજય, સ્ટેશન રોડ, વડાલા (વે)થી થશે શ્રી સંઘને પધારવા આમંત્રણ છે.

## શ્રી અચલગચ્છ જૈન સંઘ-ડોંબિવલી

સંઘના શિખરબધ્ધ જિનાલય સુવિધિનાથ દેરાસરે ૧૫મી ધ્વજા અઢાર અભિષેક, ૧૭ ભેદી પુજા અને સ્વામીવાત્સલ્ય સાથે સકળ સંઘની હાજરીમાં ચડાવાઇ.

સંઘની વિવિધ પાઠશાળાઓમાં નવી પેઢીના બાળકો ઉત્સાહથી ધાર્મિક-શિક્ષણ-સંસ્કાર મેળવી રહ્યા છે. સંઘના કલ્પતરુ ભવનના ઉપરના હોલ ધાર્મિક, સામાજિક, કાર્યો-મીંટીગો-પ્રાર્થના માટે ભાડેથી નિયમાનુસાર અપાય છે. સંઘમાં પૂ.સા. વિરાગગુણાશ્રીજી આ.ઠા.નું ચાતુર્માસ છે.

સંઘ દ્વારા જયણાપુર્વક બનાવેલ શ્રેષ્ઠ-સાત્વિક-સ્વાદિષ્ટ ખાદ્ય પદાર્થો મીઠાઇ-ફરસાણનું વેંચાણ સુવિધિનાથ દેરાસરે ચાલુ છે.

## શ્રી વડાલા નગરે ચાતુર્માસ પ્રવેશ

અચલગચ્છાધિપતિ પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ની આજ્ઞા-આશિષથી સં.૨૦૬૯ના ચાતુર્માસીક આરાધના માટે **પૂ.સા.શ્રી જયરેખાશ્રીજી મ.સા.** આદિ ઠાણા-૪, ૧૪.૭.૧૩ના સવારના ૮.૩૦ કલાકે વડાલા મંગલમય ચાતુર્માસ પ્રવેશ **માતુશ્રી ભચીબાઇ કુંવરજી ધરમશી (સુથરી)** પરિવારના નિવાસસ્થાને ૮, વિજય નિવાસ, સ્ટેશન રોડ, વડાલા (વે)થી ભવ્ય સામૈયારૂપે શ્રી સંભવનાથ જિનાલયે પધારશે. સકળ શ્રી સંઘને પધારવા ભાવભર્યું આમંત્રણ.

### અસામાન્યસભા

શ્રી વડાલા અચલગચ્છ જૈન સંઘની અસામાન્ય સભા રવિવાર **૭.૭.૧૩**ના સવારના ૧૦ કલાકે શ્રી સંઘના શ્રી ધનજી રાયમલ દેઢિયા દર્શન ઉપાશ્રય હોલમાં શ્રી સંઘના નોટીસબોર્ડ ઉપર લખેલ એજન્ડા માટે મળશે. સૌ સભ્યોએ સમયસર પધારવા વિનંતી.

**લી. ટ્રસ્ટીઓના પ્રણામ**

# પ્રકાશન વિશેષ

## 'અચલગચ્છની ગુણગરિમા'

અચલ (વિધિપક્ષ) ગચ્છ નવમ્ શતાબ્દિ વર્ષ તથા ગુણસાગરસૂરિ જન્મ શતાબ્દિ વર્ષ નિમિત્તે પૂ.મુનિ દેવરત્નસાગરજીની પ્રેરણાથી દેવરક્ષિતસાગરજીએ ''અચલગચ્છની ગુણગરિમા'' પુસ્તકનું સંકલન કરેલ છે. જેમાં ગુરૂતત્વની ૧૦૦ સ્તુતિઓ, ગુણસાગરસુરીજીના ૧૦૦ ગુણો, ગુરૂ 'ગુણ' કેવા હતા ? ભક્તોના ૧૦૦ અભિપ્રાયો, ગચ્છની ઉજ્જ્વળ પરંપરા, વિરલ વિભૂતિઓના સદ્કાર્યોની ઝલક સંકલિત કરાઇ છે. જેનું વિમોચન ૧૬.૬.૧૩ના માટુંગા સંઘમાં પૂ.આ.ભ. કલાપ્રભસાગરસૂરિજીની નિશ્રામાં થયેલ. ઘેર ઘેર વસાવવા જેવું આ પુસ્તક સમસ્ત મહિલામંડળો માટે ખૂબ ઉપયોગી છે. પ્રાપ્તિસ્થાન : રૂા.૨૦ની કિંમતે, સંપર્ક : પિયુષભાઇ-૦૯૮૧૯૨૭૭૦૨૦ (ઘાટકોપર).

## આંધ્રમાં જૈન માયનોરીટી માટે માગણી

જૈન માયનોરીટી કાઉન્સીલના સંયોજક શ્રી સિદ્ધિશ જાગીરદારે આંધ્રપ્રદેશ લઘુમતિ આયોગના ચેરમેન શ્રી આબીદ રસુલખાન, સભ્યો ગૌતમ જૈન અને સુરજીત સિંહને આંધ્રમાં જૈનોને પણ લઘુમતિ સમુદાય જાહેર કરવા માંગ આપતું નિવેદન આપેલ.

## 'પ્રબુદ્ધ જીવન'નો પ્રભાવના કરવાલાયક અંક

શ્રી મુંબઇ યુવક જૈન સંઘનું મુખપત્ર 'પ્રબુદ્ધ જીવન' ઓગસ્ટ-સપ્ટેમ્બરનો સંયુક્ત અંક ડૉ. રશ્મિકુમાર જે. ઝવેરી સંપાદીત 'ગણધરવાદ'રૂપે મહાવીરસ્વામીએ પંડીતોની શંકાઓનું નિરાકરણ કેવળજ્ઞાનની શક્તિ દ્વારા કર્યું તે અંગે હશે. જેમાં જૈન ધર્મનો સાર આવી જાય છે. સપ્ટેમ્બરમાં પ્રગટ થનાર જ્ઞાનપ્રસાદી પર્યુષણ પ્રભાવના રૂપે આપવા સંઘના કાર્યાલય : ૩૩, મહુમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટ પાસે મુંબઇ-૦૪. ફોન : ૨૩૮૨૦૨૯૬નો સંપર્ક કરવો.


**પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર**

| પ્રકાર | સાઇઝ | કલર | બ્લેક-વ્હાઇટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 7,000 | 4,000 |
| અડધું પાનું | 160 x 111 mm | 4,000 | 2,250 |
| પા પાનું | 77 x 111 mm | 2,500 | 1,250 |
| ૧/૮ પાનુ | 77 x 54 mm | - | 700 |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 350 |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA ના નામે લખવા



॥ જય માતાજી ॥

# આશાપુરા મિત્ર મંડળ

**મોટી સિંધોડીના કુળદેવી આશાપુરામાને નમતા સમસ્ત મૈશેરી પરિવારના ભાવિકો જોગ....**

જય માતાજી, સહર્ષ જણાવવાનું કે મોટી સિંધોડી ગામના કુળદેવી આશાપુરામાતાને નમતા સર્વે ભાવિકો તથા નિયાણી બહેનોને પદયાત્રા દ્વારા માતાના મઢે જવાનું આયોજન કરેલ છે.

આ કાર્યક્રમ મુજબ ૮.૧૦.૨૦૧૩ના મુંબઇથી ટ્રેન દ્વારા પ્રસ્થાન અને ૧૧.૧૦.૧૩ના ભુજથી પરત મુંબઇ આવવા રવાના થશું. આ પદયાત્રા માટે વ્યક્તિ દીઠ ચાર્જ રૂા.૭૦૦/- રાખેલ છે. આપના નામ ૨૦.૭.૨૦૧૩ સુધી નોંધાવી લેજો. **ભુઇમા : ખમાવંતી ગુલાબ મૈશેરી**

**સંપર્ક**

**મુલુન્ડ : ભરત નરશી મૈશેરી – 09920407373/8097131368**
**મુલુન્ડ : વિજય શીવજી મૈશેરી – 09323152388**
**ડોંબિવલી : ચંદુલાલ દામજી મૈશેરી – 09833151258**
**ડોંબિવલી : કીંકેશ ઝવેરચંદ મૈશેરી – 09594704931**
**ઘાટકોપર : પ્રમીલા પ્રફુલ મૈશેરી – 09821940373**
**વાપી : ખુશાલ ધનજી મૈશેરી – 09925021453**
**વાશી : દર્શક ખુશાલ મૈશેરી – 08680451493**
**રાયપુર : પિયુષ હીરાચંદ મૈશેરી – 09322407475**
**વડોદરા : લહેરચંદ કુવરજી મૈશેરી – 09825581938**

**મા આશાપુરાની સાતમી સમૂહ પહેડી રવિવાર ૬.૧૦.૨૦૧૩ આસો સુદ બીજના દિવસે ડોંબિવલીમાં રાખેલ છે.**
**પહેડીના દાતા : ખમાવંતી ગુલાબ ત્રિકમજી મૈશેરી પરિવાર**

## નવા/બદલાયેલા સરનામા–ફોન નંબર (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **મહેશ દેવશી ધરમશી** | ૬૦૧, કલીંગા, નીલકંઠ કીંગડમ, સ્ટેશન સામે, વિદ્યાવિહાર (વે), મુંબઈ-૮૬ ફોન : 9320892804 |
| **હંસરાજ દેવશી ધરમશી** | બી-૬૦૫, ભુમિરાજ ટ્વીન બ્રીજ, પ્લોટ ૧, સેક્ટર ૧૬, ધનસોલી નવીમુંબઈ-૪૦૦ ૭૦૧ ફોન : 9320258644 |
| **ભરત કાંતિલાલ લોડાયા** | ૧૨, ઓમકાર, લેક સાઈડ રેસીડન્સી, રમેશ દાદા કંપાઉન્ડ, સીરસોલી રોડ, જલગામ-૪૨૫૦૦૧ ફોન : 0257-2260833 / 9890926906 |
| **હરીશ ગોવિંદજી ધરમશી** | ૧૭૧ ઓર્ચીડ, ઈ-૪, રેકીનો ટાઉનશીપ, વી.એલ. કોલેજ રોડ, કોવઈપુદુર, કોઈમ્બતુર - ૬૪૧૦૪૨ ફોન : 09789778320 |
| **કલ્યાણજી આણંદજી ખોના** | રૂમ ૭, ૧લે માળે, સંન્યાસીપારા, વીર શીવાજી વોર્ડ - ૭, રાયપુર-૮ |
| **વિજય મેઘજી ખોના** | એફ-૧ સુખવની ઉદ્યાન, પિંપરી ચીંચવડ, પુના-૪૧૧૦૩૩ |
| **મુકેશ હંસરાજ ખોના** | ૪૮, ૨૩મો મેઈન રોડ, મહેરાનઅલી, જે.પી.નગર, બીજો ફેઝ, બેંગલોર-૫૬૦૦૭૮ |
| **નીતિન કે. શાહ** | ફ્લેટ ૩એ, ઈસ્કેવર, આશવતી નં.૪, આર.પી.નગર, બીજોક્રોસ, સાઈબાબા કોલોની, કોઈમ્બતુર-૬૪૧૦૧૧ |
| **કાર્તિક મહેન્દ્ર નાગડા** | ઈ-૯૬, ગાર્ડન સીટી, અંકલેશ્વર - ૩૯૩૦૦૨ ફોન : 09099661000 |
| **તેજસ એચ. લોડાયા** | ૬૩, રિધ્ધિ રેસીડન્સી, રાણાપાર્ક, ઘાટલોડીયા, અમદાવાદ-૩૮૦૦૬૧ |
| **પુનમચંદ ખીમજી મોતા** | Ex-A 201, બદ્રી કોમ્પ્લેક્સ, બુલઢાણા રોડ, મલકાપુર-૪૪૩૧૦૧ |

## નવા/બદલાયેલા ફોન નંબર (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | | | | | |
|---|---|---|---|---|---|
| **નીપા લીતીન લોડાયા** | કોઈમ્બતુર | **09047018174** | **કેતન મધુકાંત લોડાયા** | ગાંધીધામ | **09879522642** |
| **વિશિત લોડાયા** | કોઈમ્બતુર | **09159011222** | **કોમલભાઈ ધરમશી** | નવીમુંબઈ | **09821466965** |
| **ભારતી ભરત લોડાયા** | જલગામ | **09420388533** | **ભારતીબેન ધરમશી** | નવીમુંબઈ | **08082433971** |
| **કાસી હરીશ ધરમશી** | કોઈમ્બતુર | **09301778320** | **મધુકાંત જે. લોડાયા** | ગાંધીધામ | **09879012642** |
| | | **09361878320** | **જયશ્રીબેન લોડાયા** | ગાંધીધામ | **09879523642** |
| **કશ્યપ હરીશ ધરમશી** | કોઈમ્બતુર | **09003700084** | **દીપેન લોડાયા** | ગાંધીધામ | **09879514642** |
| **તૃપ્તી હરીશ ધરમશી** | પુના | **09370905617** | **પ્રતિમા કે. નાગડા** | અંકલેશ્વર | **09099441000** |

## જીવનચક્ર (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતિ અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

### જન્મ (બાળક અને માતાના નામ સાથે જન્મનોંધ મોકલવી)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૧.૬.૧૩ | ડોંબિવલી | SNMA010304 | કલ્પરાજ-ધ્વનિ/પ્રિયેશ મહેન્દ્ર (પીર) લોડાયા | સુથરી | પુત્ર |
| ૧૧.૪.૧૩ | પનવેલ | TRNG | અવની-પુજા/રીંકુશ કુમાર નાગડા | તેરા | કન્યા |
| ૨૭.૫.૧૩ | ખામગામ | VRVK020704 | ભ્રીતી-અંકુર અનિલ વિકમશી | વરાડીયા | કન્યા |

### સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૦૯.૬.૧૩ | ભાંડુપ | KRLO022503 | નિશિથ નવિન જીવરાજ લોડાયા | કોઠારા | ૨૫ |
| | મુલુન્ડ | SUDU030504 | ધારીણી તુષાર નરશી છેડા | સુથરી | ૨૧ |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૫.૫.૧૩ | દહિસર | A | ભાવિક અશોક લક્ષ્મણદાસ પંચાલ | દહાણુ | ૨૬ |
| | નાલાસોપારા | TRDD050203 | ભૂમિકા રતનપાલ હરખચંદ દંડ | તેરા | ૨૩ |
| ૦૨.૬.૧૩ | મુલુન્ડ | SUDU043403 | હિતાંશુ ચંદ્રેશ કરમશી ધુલ્લા | સુથરી | ૨૪ |
| | થાણા | A | હિરલ શામજી રતનશી ગાલા | ભચાઉ | ૨૪ |

### મરણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૪.૬.૧૩ | કારંજા | NLKN040201 | રતનબાઈ પદમશી ખેતશી ખોના | નલીયા | ૮૦ |
| ૨૬.૬.૧૩ | મુંબઈ | SIL0070101 | ભારતીબેન મહેશ મુલજી લોડાયા | સાંયરા | ૬૪ |
| | નલીયા | NLLI020102 | મીઠીબાઈ જીવરાજ દેવજી લાપસીયા | નલીયા | ૭૬ |
| ૨૫.૬.૧૩ | ડોંબિવલી | SDKN030401 | વિજયાબાઈ ખીંયરાજ ખીમજી ખોના | સાંધવ | ૭૮ |
| ૨૬.૬.૧૩ | ડોંબિવલી | RPLO | ખેતબાઈ હીરજી કલ્યાણજી લોડાયા | રાપર | ૮૫ |

## સીહોર (મ.પ્ર.) નગરે... શ્રી શાંતિનાથ જિન પ્રાસાદે...

# પૂ.સા.શ્રી દિવ્યપૂર્ણાશ્રીજી અને પૂ.સા.શ્રી શાશ્વતપૂર્ણાશ્રીજીના ભવ્ય ચાતુર્માસ પ્રસંગે પધારવા સમસ્ત જ્ઞાતિને હાર્દિક આમંત્રણ

અમારા સંઘના પ્રબળ પુણ્યોદયે, દેવ-ગુરૂની અસીમ કૃપાથી અમોને વિ.સં.૨૦૬૯નું ચાતુર્માસ લાભ પ્રાપ્ત થયો છે. અમારૂં હૃદય ગદગદી ઉઠ્યું છે અમારી તથા સંઘની વિનંતીને માન આપીને સુર્ય જેવા તેજસ્વી, ચંદ્ર જેવા શીતલ એવા સરળ સ્વભાવી, હમેશા હસમુખા રહેનારા પ.પૂ. સા.શ્રી દિવ્યપુર્ણાશ્રીજી મ.સા. અને પૂ.સા.શ્રી શાશ્વતપૂર્ણાશ્રીજી મ.સા. (ડહેલાવાળા) કોકણ મહારાષ્ટ્રથી ઉગ્ર વિહાર કરીને મધ્યપ્રદેશમાં સીહોર નગરે શ્રી શાંતિનાથ દેરાસરે પધારશે. ભવ્ય ચાતુર્માસ પ્રવેશ અષાઢ સુદ બીજ ૧૦.૭.૧૩ના છે. સમસ્ત કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિને આ પ્રસંગે પધારવા ભાવભીનું આમંત્રણ આપીએ છીએ. તો આપ સૌ પરિવાર સહ આ મંગલ પ્રવેશના પ્રસંગે પધારીને શોભામાં અભિવૃદ્ધી કરશોજી એવી અમારી આપશ્રીને નમ્ર વિનંતી છે.

આપશ્રી પધારશો તો આપશ્રીને દર્શન તથા પૂ. મહારાજસાહેબના વંદન, ગુરુવાણી તેમજ આજુબાજુના મક્ષી, નાગેશ્વર, ઇંદોર, ઉજૈન, મોહનખેડા, ધાર, ભોપાવર આદિ તીર્થસ્થળોના દર્શન-વંદનનો લાભ મળશે અને અમોને આપની અમુલ્ય સેવાનો લાભ મળશે.

તા.૧૦.૭.૧૩ના સવારના ૭.૩૦ વાગે નવકારશી, ૮ વાગે ચાતુર્માસ મંગલપ્રવેશ, ત્યારબાદ માંગલિક અને પૂજ્યશ્રીનું વ્યાખ્યાન. બપોરે ૧૨ વાગે સંઘસ્વામીવાત્સલ્ય રાખવામાં આવેલ છે. આ પ્રસંગે આપશ્રી સૌ સહપરિવાર સિહોર પધારી અમને ઉપકૃત કરશોજી.

❖ નિમંત્રક ❖

**માતુશ્રી માનકુંવરબેન નવીનચંદ્ર ભવાનજી લાલકા સમસ્ત પરિવાર**


**NAKODA industries**

Manf. : Agro Waste Product (White Coal)
Fact. : Shed No.4A Industrial Area, SEHORE - 01.
Office. : 803-A, Block Vishal Tower, Indra Complex, Navlakha, INDORE (M.P.) - 04.
Ph. : 07562-222384 / 0731-2403800
E-mail : nakodaseh@yahoo.com, nakodaseh@gmail.com, yogesh@nakodaindustries.com, rupesh@nakodaindustries.com


## હાર્દિક અભિનંદન

### લાલકા તથા છેડા પરિવારનું ગૌરવ



**ચિ. આયુષી**

(સુપુત્રી - અ.સૌ. પ્રેમલ તુષાર જયચંદ લાલકા)
(પરજાઉ-નીમચ)

ચિ. આયુષીએ ધો.૧૨માં CBSC (Sci) માં 86.2%, PCM-86.3% ગુણાંક સાથે ઉતીર્ણ થઇ પરિવારનું નામ રોશન કર્યુ છે. ઉત્તરોતર યશસ્વી ભાવિની શુભેચ્છાઓ...

❖ શુભાશિષ ❖

દાદાણાં

**ગં.સ્વ. ધનલક્ષ્મી જયચંદ હંસરાજ લાલકા પરિવાર(નીમચ)**

નાનાણાં

**અ.સૌ. દિવ્યાબેન વાલજી હીરજી છેડા પરિવાર(અમદાવાદ)**

## હાર્દિક અભિનંદન

### ગોસર પરિવારનું ગૌરવ





**ચિ. જીગર પ્રદીપ ગોસર**
(બાયઠ-મુલુન્ડ)
CA

**ચિ. સલોની પંકજ ગોસર**
(બાયઠ-ભાંડુપ)
SSC 93.27%

અમારા પરિવારના બન્ને હીરલા શૈક્ષણિક ક્ષેત્રે ઉજ્વલ કારકીર્દીથી આગળ વધી પરિવારનું ગૌરવ વધારેલ છે. બન્નેને અભિનંદન અને ઉજ્વલ ભવિષ્ય તથા ઉત્તરોતર પ્રગતિ માટે અંતરની શુભેચ્છાઓ...

❖ શુભાશિષ ❖

**શ્રી. હંસરાજ વીશનજી લોડાયા સમસ્ત પરિવાર**

**શ્રી ખીમજી મેઘજી ગોસર સમસ્ત પરિવાર**

C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640
Postal Regd. No.MH/MR/East/53/2012-14 Iday of publication every Friday
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.




To,

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA**, C/o. Shri. R.R. Nagda, 29/41 Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001. Printed & Published by **JAYANT V. CHHEDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at SUMANGAL ARTECH, Plot No.G-8, Cross Road, 'A' M.I.D.C. Andheri (East), Mumbai - 400 093 and Published from 115, Tirupati Industrial Estate, Subhash Nagar, Village Road, Bhandup (West), Mumbai-400 078.
Editor : **Raichand R. Nagda**